**આજનો સુવિચાર**

એવા મૌનથી મહેનત કરો કે સફળતા તમારો અવાજ ઉઠાવે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૪૨ જૂનાગઢ તા.૦૧-૦૨-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 42, Junagadh : Date : 01 February, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## નાણામંત્રી નિર્મલા સીતારમણે મોદી સરકાર ૨.૦નું વચગાળાનું બજેટ રજુ કર્યુ

# ઈન્કમટેક્ષ સ્લેબમાં કોઈ જ ફેરફાર નહી

**બજેટ ૨૦૨૪**



### અંતરિમ બજેટમાં કોઈ મોટી નીતિ વિષયક જાહેરાતો કરવાની અનુમતિ હોતી નથી

### ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારતનાં નિર્માણનું લક્ષ્ય : ભારત વિશ્વશકિત બનવા જઈ રહયું છે

### નાણાંકીય ખાદ્ય જીડીપીનાં ૫.૮ ટકા રહેવાનું અનુમાન : સ્ટાર્ટઅપમાં ટેકસ છૂટ વધુ એક વર્ષ લંબાવાઈ

નવી દિલ્હી તા. ૧

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભાની ચૂંટણી પહેલાનું વચગાળાનું બજેટ રજુ કર્યુ છે. આગામી એપ્રિલ-મેમાં સામાન્ય ચૂંટણી યોજાવાની છે તેથી કેન્દ્રમાં નવી સરકારની રચના બાદ આગામી જુલાઈ માસમાં સંપૂર્ણ બજેટ રજુ થવાની ધારણા છે. નાણામંત્રી સીતારમણ આજે તેમના કાર્યકાળનું ૬ઠ્ઠું બજેટ રજુ કર્યુ હતું. જો કે આ બજેટમાં કોઈ મોટી નીતિ વિષયક જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ આ વચગાળાનું બજેટ નવી સરકાર આવે અને સંપૂર્ણ બજેટ રજુ ન થાય ત્યાં સુધી વર્તમાન સરકારને દેશ ચલાવવા માટે નાણા પ્રદાન કરે છે. વચગાળાના બજેટમાં નીતિગત ફેરફારોને મંજુરી હોતી નથી. નિર્મલા સીતારમણે મુખ્યત્વે મહિલા, કિસાન અને મધ્યમવર્ગ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. તેમણે ઉમેર્યુ કે, પ્રત્યેક ભારતીયની આકાંક્ષા પુરી થશે. તમામ ક્ષેત્રને સમાન અવસર આપવામાં આવી રહયો છે. સમાવેશી વિકાસને ઉત્તેજન આપવામાં આવશે. ઉત્પાદન વધશે જેથી જનતાની અપેક્ષાઓ પૂર્ણ થશે. તેમણે કહયું કે, અમે કારગત રણનીતિ અપનાવી છે, આગલા પાંચ વર્ષ અભૂતપુર્વ વિકાસનો સમય રહેશે. ભારત વિશ્વ શકિત બનવા જઈ રહયું છે. તેમણે કહયું કે, માળખાગત સુવિધાઓનાં વિકાસ પર જોર આપવામાં આવી રહયું છે. લઘુ ઉદ્યોગોને ઉત્તેજન આપવા માટે કામ કરવામાં આવી રહયું છે. ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારતનાં નિર્માણનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, તેમણે જીડીપીની નવી વ્યાખ્યા કરતા કહયું કે, ગવર્નન્સ, ડેવલોપમેન્ટ અને પરફોર્મન્સ પર ભાર આપવામાં આવી રહયો છે.

સપ્લાય ચેનનાં સુધારા પર ફોકસ કરવામાં આવી રહયું છે. કિસાનોને સશકત કરવા પર ભાર આપવામાં આવી રહયો છે, કિસાનોને પ્રત્યેક માસ ૩૦૦ યુનિટ વિજળી ફ્રી આપવામાં આવશે. નવી મેડીકલ કોલેજો ખોલવામાં આવશે, લખપતી દીદી યોજનાથી આત્મનિર્ભરતા વધશે, સરકારની નીતિઓથી ૯ કરોડ મહિલાઓનાં જીવનમાં બદલાવ આવ્યો છે તેમ તેમણે જણાવ્યું હતું.

આંગણવાડી કાર્યક્રમમાં તેજી લાવવામાં આવશે, આશાવર્કર અને આંગણવાડી કાર્યકરો માટે આયુષમાન યોજના લાવવામાં આવશે, ખેડૂતોની આવક વધારવા પર કામ કરવામાં આવી રહયું છે. તેમણે જય જવાન, જય કિસાન, જય અનુસંધાનનો નારો આપ્યો હતો, તેમણે ઉમેર્યુ કે, દેશનાં તમામ નાગરીકોને પાકું મકાન ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય છે, યુવાનો માટે ૩૦૦૦ નવી આઈટીઆઈ બનાવવામાં આવી છે, સ્કીલ ઈન્ડીયા કાર્યક્રમ થકી ૧.૪ કરોડ યુવાઓને ટ્રેડ કરવામાં આવ્યા છે.

રેલ્વે વિષે વાત કરતા તેમણે કહયું કે, ૩ નવા રેલ કોરીડોર શરૂ કરવામાં આવશે, ૪૧૦૦૦ કોચનું વંદેભારત માનક અનુસાર નિર્માણ કરવામાં આવશે, નવા રેલ કોરીડોરથી આર્થિક વિકાસ થશે, યાત્રી સુવિધાઓ વધુ સુદ્રઢ કરવામાં આવશે, રેલ્વે અને સમુદ્ર માર્ગને જોડવા પર પણ ભાર આપવામાં આવી રહયો છે. ૪ કરોડ કિસાનોને પીએમ પાક વીમા યોજનાનો લાભ આપવામાં આવી રહયો છે, પવન ઉર્જા પર ઝડપથી કામ થઈ રહયું છે, પબ્લીક ટ્રાન્સપોર્ટમાં ઈ-વ્હીકલનો ઉપયોગ વધી રહયો છે. ઈ-વાહન નિર્માણને પ્રોત્સાહન આપી રહયા છીએ. હરિત વિકાસને પ્રોત્સાહન આપી રહયા છે અને નવી યોજનાઓ શરૂ થઈ રહી છે. પ્રદુષણ રહિત ઈંધણનો ઉપયોગ વધારવામાં આવી રહયો છે, પર્યટન કેન્દ્રનો વ્યાપક વિકાસ થશે, પર્યટન સ્થળોનાં વિકાસ માટે ઘણું કામ થઈ રહયું છે, ધાર્મિક પર્યટનને ઉત્તેજન આપવામાં આવશે, મત્સ્ય ઉત્પાદન બમણું કરવામાં આવશે, રાજયોને બ્રાન્ડીંગ માટે પ્રોત્સાહન આપવામાં આવશે, પર્યટનમાં આધ્યાત્મિક પ્રવાસનનો પણ સમાવેશ કરવામાં આવશે, જળ વાયુને અનુકુળ યોજનાઓ પર ભાર અપાશે, લક્ષદીપમાં નવી પરિયોજનાઓ શરૂ કરવામાં આવશે, પર્યટન ક્ષેત્રે વિદેશી નિવેશને પ્રોત્સાહન આપવસામાં આવશે રૂા. ૭૫ હજાર કરોડની વ્યાજમુકત લોન આપવામાં આવી છે. રાજયોને વગર વ્યાજની લોન આપવાનું ચાલુ રાખવામાં આવશે. નાણામંત્રીએ ઉમેર્યુ કે, વિદેશી ભાગીદારો સાથે સમાન ભાગીદારી કરવામાં આવી રહી છે. નવા સંઘર્ષ સાથે આગળ વધી રહયા છીએ, કર્તવ્ય કાળમાં તમામને પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે, જન સંખ્યા સમિતિ બનાવવામાં આવશે, અમારા સંકલ્પોએ આપણને આગળ વધારી દીધા છે. તેમણે ભારપૂર્વક કહયું કે, જુલાઈમાં જયારે સંપૂર્ણ બજેટ રજુ કરવામાં આવશે ત્યારે વિકસીત ભારતનો રોડમેપ રજુ કરવામાં આવશે.

નાણામંત્રીએ કહયું કે, આપણે ૨૦૧૪ પહેલાનાં દોરમાંથી બહાર આવી ગયા છીએ, તેમણે કહયું કે, વિત્તિય ખાદ્ય જીડીપીનાં ૫.૮ ટકા રહેવાનું અનુમાન છે. વર્ષ ૨૦૨૫-૨૬ સુધી ખાદ્ય પણ હજુ ઓછી કરીશું, કર આવક ત્રણગણી વધી છે, આગામી પાંચ વર્ષમાં કરદાતાઓની સેવાઓમાં સુધારા પર જોર આપવામાં આવશે. છેલ્લા ૧૦ વર્ષમાં પ્રત્યક્ષ કર ૧૦ ગણો વધ્યો છે. ઈન્કમટેક્ષ ભરવાની પ્રક્રિયા સરળ કરવામાં આવી છે તેમજ રીફંડ પ્રક્રિયા પણ ઝડપી થઈ ગઈ છે. હાલમાં રૂા.૭ લાખની આવક પર કોઈ ટેક્ષ નથી તેમ નાણામંત્રીએ જણાવ્યું હતું. નવી ટેકસ પ્રણાલી લાવીને વ્યવસ્થામાં સુધારો કરવામાં આવી રહયો છે.

કર પ્રસ્તાવ : નાણામંત્રી નિર્મલા સીતારમણે કર પ્રસ્તાવ રજુ કરતા કહયું કે, વર્તમાન કર પ્રણાલીમાં કોઈજ ફેરફાર કરવામાં આવી રહયો નથી એટલે કે, ઈન્કમટેક્ષ સ્લેબમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી એટલે કે, આ વખતનાં વચગાળાનાં બજેટમાં આયકર દાતાઓને હાલ પુરતી કોઈ રાહત આપવામાં આવી નથી, બજેટ ભાષણ પૂર્ણ કરતા નિર્મલા સીતારમણે કહયું કે, આપણે ઘણી જ પ્રગતિ કરી છે એ જાણવું જરૂરી અને રસપ્રદ રહેશે કે, ૨૦૧૪ પહેલા (યુપીએનાં શાસનમાં) આપણે કયાં હતા અને અત્યારે આપણે કયાં છીએ ?

## હાઈલાઈટ્સ

- કોર્પોરેટ ટેકસ ઘટાડીને ૨૨ ટકા કરવામાં આવ્યો
- છેલ્લા ૧૦ વર્ષમાં ઈન્કમટેકસની આવક ત્રણ ગણી વધી અને આવકવેરો ભરનાર લોકોની સંખ્યા પણ ત્રણ ગણી વધી
- જીડીપીની નવી વ્યાખ્યા : ગવર્નન્સ ડેવલોપમેન્ટ અને પરફોર્મન્સ પર ભાર
- વડાપ્રધાનનાં સુત્ર જય જવાન, જય કિસાનમાં જય અનુસંધાનનો ઉમેરો
- ખેડૂતોની આવક વધારવા પર ખાસ ભાર : ૩૦૦ યુનિટ વિજળી વિનામૂલ્યે આપવામાં આવશે
- ધાર્મિક અને આધ્યાત્મિક પર્યટનને ઉત્તેજન આપવામાં આવશે
- ૩ નવા રેલ કોરીડોર ખોલવામાં આવશે : ૪૧૦૦૦ કોચ વંદેભારતનાં માનક અનુસાર બનાવવામાં આવશે
- ૪ કરોડ ખેડૂતોને પાક વિમા યોજનાનો લાભ
- ૨૦૨૫-૨૬માં ખાદ્ય ઓછી કરવાનું લક્ષ્યાંક
- હરિત વિકાસને પ્રોત્સાહન
- દેશનાં તમામ નાગરીકોને પાકુ મકાન ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક
- ઈ- વાહન નિર્માણને પ્રોત્સાહન આપવામાં આવશે
- રૂા. ૭૫ હજાર કરોડની વ્યાજ મુકત લોન આપવામાં આવશે : રાજયોને વ્યાજમુકત લોન આપવાનું ચાલુ રખાશે

# રાજયપાલનાં સંબોધન સાથે ગુજરાત વિધાનસભાનાં બજેટ સત્રનો આજથી પ્રારંભ



### વિધાનસભાનું બજેટસત્ર ૨૯ ફેબ્રુઆરી સુધી ચાલશે : વિવિધ ૧૧ ખરડા રજુ કરાશે

ગાંધીનગર તા. ૧

ગુજરાતમાં વિધાનસભાના બજેટ સત્રનો આજથી પ્રારંભ થયો છે. આજે વિધાનસભાના સત્રનો પ્રારંભ થાય તે પહેલા બુધવારે દિવસ દરમિયાન સચિવાલયમાં બેઠકનો દોર ચાલુ રહ્યો હતો. સવારે કેબિનેટની બેઠક મળી હતી ત્યારબાદ કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી અને સાંજે રાજકીય પક્ષોના વિધાયક દળની બેઠક મળી હતી. આજથી ગુજરાત વિધાનસભાનાં બજેટ સત્રનો પ્રારંભમાં રાજયના બંધારણીય વડા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી થયો હતો. રાજ્યપાલના સંબોધન બાદ ઠરાવ અને ઉલ્લેખ રજૂ કરાયો હતો ત્યારબાદ પ્રથમ દિવસે મંત્રી બળવંતસિંહ રાજપૂત ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા સુધારા વિધેયક ૨૦૨૪ ગૃહમાં રજૂ કર્યુ હતું. હાલમાં ગુજરાતમાં જુદા-જુદા ત્રણ ગણોત વહીવટના કાયદા અમલમાં છે.

આ સત્રમાં બીજી ફેબ્રુઆરીએ એટલે કે આવતીકાલે ગુજરાતનું બજેટ વિધાનસભા ગૃહમાં રજૂ કરાશે. રાજયના નાણામંત્રી કનુ દેસાઈ તા.૨ ફેબ્રુઆરીએ ૨૦૨૪-૨૫ના વર્ષનું બજેટ વિધાનસભાના બજેટ સત્રના બીજા દિવસે રજૂ કરશે. ઉલ્લેખનીય છે કે બજેટ સત્ર એક મહિના સુધી ચાલશે અને સત્ર દરમિયાન કુલ ૨૬ બેઠકો યોજાશે. ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૨૯મી ફેબ્રુઆરી સુધી ચાલશે. આજથી શરૂ થનારા બજેટસત્રમાં ૧૧ જેટલા વિવિધ બિલ રજૂ કરવામાં આવશે.


**દાણાપીઠમાં મકાન વેચવાનું છે**

વેપારીઓ માટે ગોડાઉન લાયક
જૂનાગઢનાં દાણાપીઠ વિસ્તારમાં
વાદી ખડકીમાં જુનું મકાન આશરે
૫૦ વાર અને મોરો ૨૦ ફુટ
(કિંમત રૂા.૧૫ લાખ)
મો. ૯૩૭૬૬ ૦૫૫૯૨

**હેવન ઈન્ટીરીયર ફર્નિચર**
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
heaven FURNITURE
હેવન ફર્નિચર
M. 97263 15003
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
મેરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

**દેશી ઘાણીનું શુધ્ધ સીંગતેલ ૧૦૦% ગેરેંટીવાળુ**
**ઘનશ્યામ મીની ઓઈલ મીલ**
જૂનાગઢ જીલ્લો, ગામ : પ્લાસવા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬

**ચૌહાણ ડેન્ટલ એન્ડ હોમિયોપેથીક કલીનીક**



**ડો. દુષ્યંત ચૌહાણ**
B.D.S, M.D.S.
(ઓરલ એન્ડ મેકિસલોફેશીયલ સર્જરી)
દાંત, મોં અને જડબાનાં રોગના સુપર સ્પેશ્યાલીસ્ટ
:: સ્પેશ્યાલીટી ::
- ડહાપણ દાઢની સારવાર
- મોં અને જડબાનાં ફ્રેકચરની સારવાર
- તમાકુ / સોપારીથી બંધ થયેલા મોંની સારવાર
- મોં અને જડબાની રસોળી તથા ગાંઠની સારવાર
- જડબાનાં સાંધાની સારવાર
- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ (જડબામાં સ્ક્રુ ફીકસ કરી દાંત બેસાડવા

૨૦૧૬થી મધુરમ / ટીંબાવાડી વિસ્તારમાં સેવા આપતું સુપર સ્પેશ્યાલીસ્ટ કલીનીક
આ ઉપરાંત દાંત તથા જડબમનાં બધા રોગોની સારવાર ફકત સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા
સ્ટાર પ્લેટિનમ કોમ્પ., ફર્સ્ટ ફ્લોર, મધુરમ બસસ્ટોપની સામે, મધુરમ બાયપાસ, જૂનાગઢ. મો.૯૫૧૨૩ ૭૩૭૭૯

**સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક**
૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
**સી.સી. પડદાવાળા**
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ
Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912
GIR KESARI
Premium Quality
દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ
KHODIYAR MINI OIL MIL



જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

### અમેરિકામાં જીવતેજીવ નર્કનો અનુભવ કર્યો

# અમેરિકાથી માત્ર છ મહિનામાં જ પાછો આવી ગયો મહેસાણાનો યુવક

## અમેરિકામાં ઠેર-ઠરે ભટક્યો હતો પરંતુ ક્યાંય નોકરીનો મેળ ના પડતાં તેને ફુટપાથ પર રહેવાનો પણ વારો આવ્યો

અમદાવાદ, તા.૧

અમેરિકા જઈ ડોલર કમાવવાની લાલચે રોજેરોજ કેટલાય ગુજરાતીઓ લાખો રૂપિયા ખર્ચીને લીગલી કે પછી ઈલીગલી અમેરિકા જઈ રહ્યા છે, પરંતુ અમેરિકા પહોંચ્યા બાદ કમાણી કરવાને બદલે કેટલાય લોકોને માત્રને માત્ર હેરાનગતી ભોગવવાનો અને અપમાન સહન કરવાનો પણ વારો આવી રહ્યો છે. મહેસાણામાં રહેતો એક યુવક ઓગસ્ટ ૨૦૨૩માં કંઈક આવી જ ગણતરી સાથે અમેરિકા પહોંચ્યો હતો, પરંતુ તેને ખબર નહોતી કે ત્યાં તેને જીવતેજીવ નર્કનો અનુભવ કરવાનો આવશે. મહેસાણાના આ યુવકે એક એજન્ટને ૩૫ લાખ રૂપિયા આપીને અમેરિકાના વિઝિટર વિઝાનું સેટિંગ કરાવ્યું હતું, અને એજન્ટે તેને અમેરિકામાં નોકરીએ લગાડી દેવાનો પણ વાયદો કર્યો હતો.

જોકે, અમેરિકા પહોંચ્યા બાદ આ યુવકને મહિને માંડ હજાર-બારસો ડોલરના પગારમાં કાળી મજૂરી કરવાના અને રોજેરોજ અપમાન સહન કરવાના દિવસો આવ્યા હતા. જેને ત્યાં આ યુવક નોકરી કરતો હતો તે માલિકનો ત્રાસ સહન ના થતાં આખરે તેણે હારી-થાકીને નોકરી છોડી દીધી હતી અને બીજે નોકરી શોધવા માટે તે અમેરિકામાં ઠેર-ઠરે ભટક્યો હતો પરંતુ ક્યાંય નોકરીનો મેળ ના પડતાં તેને ફુટપાથ પર રહેવાનો પણ વારો આવ્યો હતો. મહેસાણામાં સામાન્ય નોકરી કરતો બ્રિજેશ પટેલ ગમે તેમ કરીને વિદેશ જવા માગતો હતો. એકાદ વર્ષ પહેલા તેનો સંપર્ક મુંબઈના એક એજન્ટ સાથે થયો હતો અને તેણે બ્રિજેશને કાયદેસરના વિઝા અપાવી તેને અમેરિકા મોકલવાની ઓફર કરી હતી. બ્રિજેશને અમેરિકા પહોંચ્યા બાદ નોકરી કરીને એજન્ટને પૈસા ચૂકવવાના હતા અને પોતે અમેરિકા પહોંચી ના જાય ત્યાં સુધી તેને ખિસ્સામાંથી એકેય રૂપિયો નહોતો કાઢવાનો. મહેસાણામાં મહિને માંડ વીસેક હજાર કમાતો બ્રિજેશ આમેય કંટાળેલો હતો, જેથી તેણે ૩૫ વર્ષની ઉંમરે અમેરિકા જવાનું નક્કી કર્યું હતું અને તેને અમેરિકાના વિઝિટર વિઝા પણ મળી ગયા હતા. અમેરિકા પહોંચ્યા બાદ બ્રિજેશે ટેક્સાસમાં એક મોટેલમાં નોકરી શરૂ કરી હતી, જ્યાં તેને કલાકના પાંચ ડોલર લેખે પગાર મળતો હતો. જોકે, રહેવા-જમવાનો ખર્ચો કાઢતા બ્રિજેશ પાસે કંઈ ખાસ વધતું જ નહોતું અને તેવામાં એજન્ટને ૩૫ લાખ રૂપિયા ચૂકવવા તેના માટે અશક્ય બની ગયું હતું. અધૂરામાં પૂરૂં જેને ત્યાં તે નોકરી કરતો હતો તે વ્યક્તિ પોતાને ત્યાં કામ કરતા લોકો પાસેથી ઢોરની જેમ કામ કરાવતો હતો અને જરા સરખી ભૂલ થઈ જાય તો પણ સાંભળી ના શકાય તેવી ગાળો ભાંડતો હતો. આ જ હાલતમાં બે મહિના જેટલો સમય કાઢ્યા બાદ બ્રિજેશ ટેક્સાસની નોકરી છોડીને ફલોરિડા ગયો હતો, પરંતુ ત્યાં તેને એક ગેસ સ્ટેશન પર મહિના સુધી મફતમાં કામ કરવું પડ્યું હતું અને પગાર ચાલુ કરવાનો આવ્યો ત્યારે તેને જેટલી સેલેરીની લાલચ આપી ફલોરિડા બોલાવાયો હતો તેનાથી ઘણો ઓછો પગાર ઓફર કરાયો હતો. ફલોરિડામાં ફરી બે મહિના સુધી આ રીતે જ હેરાન થયા બાદ બ્રિજેશ પોતાના એજન્ટ સાથે વાત કરીને પાછો ટેક્સાસ ગયો હતો, પરંતુ ત્યાં તેને નોકરી મળી જ નહોતી શકી. આ દરમ્યાન બ્રિજેશ પાસે રહેવા-જમવાના પૈસા પણ ના વધતા આખરે તેને ફુટપાથ પર રહેવાનો અને ભીખ માગીને ખાવાનો વારો આવ્યો હતો. આ વાત કદાચ ઘણા લોકોને ખોટી લાગશે, પરંતુ અમેરિકા ગયેલા ઘણા ગુજરાતીઓ હાલ આવી જ હાલતમાં રહેવા મજબૂર છે તેવું અમેરિકામાં રહેતા અનેક લોકો પાસેથી જાણવા મળ્યું છે. એટલું જ નહીં, જેમને નોકરી મળી જાય છે તેમને પણ મહિને પંદરસો-બે હજાર ડોલર પગાર માટે તનતોડ મજૂરી કરવી પડે છે, અને તબિયત સારી ના હોય તો પણ કામ કરવાની તેમને ફરજ પાડવામાં આવે છે. ટેક્સાસમાં એક ઘરબાર વગરના ભીખારીની જેમ દિવસો કાઢવાની નોબત આવતા બ્રિજેશની હાલત એટલી ખરાબ થઈ ગઈ હતી કે તેણે બધું છોડીને ઈન્ડિયા પાછા જતા રહેવું હતું, પરંતુ વતન પરત ફરીને ઘરવાળાને પોતે શું મોઢું બતાવશે અને એજન્ટને ૩૫ લાખ રૂપિયા કઈ રીતે ચૂકવશે તે વિચારે અમેરિકા છોડવાની પણ તેની હિંમત નહોતી ચાલી રહી.

આ દરમ્યાન ડિપ્રેશનમાં સરી પડેલા બ્રિજેશે તેની પત્નીને પોતાની હાલત અંગે વાત કરતાં પત્નીએ તેને ઈન્ડિયા પાછા આવી જવાની હિંમત આપી હતી. જોકે, પાછા આવવા માટેની ટિકિટ લેવા પણ બ્રિજેશ પાસે પૈસા નહોતા બચ્યા. આખરે બ્રિજેશની પત્નીએ મહેસાણામાં પૈસાની વ્યવસ્થા કરીને તેના માટે ટિકિટ લીધી હતી, અને ત્યારબાદ બ્રિજેશ ઈન્ડિયા પાછો આવી શક્યો હતો. હજુ થોડા દિવસો પહેલા જ અમેરિકાથી રિટર્ન થયેલા બ્રિજેશે જણાવ્યું હતું કે જો તે અમેરિકાથી પાછો ના આવ્યો હોત તો કદાચ આજે તે જીવતો જ ના હોત. અમેરિકાની હાલની સ્થિતિ અંગે જણાવતા બ્રિજેશે કહ્યું હતું કે છેલ્લા એકાદ વર્ષમાં ઈન્ડિયાથી એટલા બધા લોકો અમેરિકા આવી ગયા છે કે હવે ત્યાં નોકરીઓ રહી જ નથી. તેમાંય જે લોકો લાખો રૂપિયાના દેવા કરીને તેમજ પોતાના ઘરબાર વેચીને અમેરિકા ગયા છે તેમની હાલત ના ઘરના કે ના ઘાટના જેવી થઈ ગઈ છે. જોકે, અમેરિકાથી રિટર્ન થયા બાદ પણ બ્રિજેશની તકલીફ જરાય ઓછી નથી થઈ. હવે એજન્ટ તેની પાસેથી ૩૫ લાખ રૂપિયાની ઉઘરાણી કરી રહ્યો છે, પણ બ્રિજેશની હાલત એવી છે કે તેને અમેરિકાથી પાછો બોલાવવા માટે પણ તેની પત્નીને વ્યાજે પૈસા લેવા પડ્યા હતા. અમેરિકામાં બ્રિજેશ છ મહિના રહ્યો હતો, પરંતુ તે ઈન્ડિયા પાછો આવ્યો ત્યારે તેના ખિસ્સામાં ૧૦ ડોલર પણ નહોતા. બ્રિજેશ જેવા ઘણા ગુજરાતીઓ હાલ અમેરિકા જઈને બરાબરના ફસાયા છે, તેમાંય જે લોકોના અમેરિકામાં કોઈ કોન્ટેક્ટ નથી કે પછી જેમનું કોઈ ઓળખીતું ત્યાં નથી રહેતું તેમની હાલત સૌથી વધારે ખરાબ થઈ રહી છે. જોકે, હકીકત એ પણ છે કે સગા-વ્હાલાના ભરોસે અમેરિકા જઈને પણ ઘણા લોકોને પસ્તાવાનો વારો આવ્યો છે.

# જૂનાગઢના સેવાભાવી અને વણીક સોશ્યલ ગ્રુપના પ્રમુખ કુશલ પારેખના જન્મદિન પ્રસંગે સંતોએ આપ્યા આર્શીવાદ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ શહેરમાં અનેક સેવાકિય પ્રવૃતિ તેમજ જ્ઞાતિ-સમાજના કાર્યો અને વિવિધ વર્ગો સાથે સંસ્થાઓ સાથે જોડાઈ અને પરોપકારી સેવાકીય પ્રવૃતિ કરી અને સારી એવી ચાહના નાની ઉંમરમાં પ્રાપ્ત કરેલા અને વણીક સોશ્યલ ગ્રુપના નવ યુવાન પ્રમુખ કુશલ પારેખનો ગઈકાલે જન્મદિવસ હોય તે નિમિતે



તેમના શુભેચ્છકો, સ્નેહિમિત્રોએ ખુબ ખુબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી. આ ઉપરાંત કુશલભાઈ પારેખ ગઈકાલે જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે દર્શનાર્થે ગયેલા હતા અને સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવોની પૂજા-વંદના કરી હતી. સેવાભાવી અને કર્મનિષ્ઠ એવા કુશલભાઈ પારેખના જન્મદિવસના પર્વ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના કોઠારી સ્વામિ પૂજય પ્રેમસ્વરૂપદાસજી તથા પૂજય પી.પી. સ્વામિએ તેઓને ખુબ ખુબ આર્શીવાદ અને વધુને વધુ સારા કાર્યો અને સેવાકીય કાર્યો કરે તેવી શુભકામના અને શુભાઆશીષ પાઠવ્યા હતા.

### ફીમાં તગડો વધારો કરવામાં આવ્યો

# અમેરિકાના H-1B વિઝા માટે નવું રજિસ્ટ્રેશન ૬ માર્ચથી શરૂ

## એચવનબી વિઝા રજિસ્ટ્રેશન માટે એક બેનિફિસિયરી કેન્દ્રિત સિલેકશન પ્રોસેસ રાખવામાં આવશે

વોશિંગ્ટન, તા.૧

નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે અમેરિકાએ H-1B વિઝાની પ્રોસેસમાં કેટલાક ફેરફાર કર્યા છે. આ વિઝા માટે કેટલીક કંપનીઓ ફ્રોડ કરતી હોવાનું અમેરિકન સરકારના ધ્યાનમાં આવ્યું છે. તેના કારણે નિયમોમાં સુધારા કરવાની ફરજ પડી છે. વર્ષ ૨૦૨૫ માટે H-1B વિઝાનું રજિસ્ટ્રેશન ૬ માર્ચથી શરૂ કરવામાં આવશે. આ વિઝા દ્વારા અમેરિકન કંપનીઓ સ્પેશિયલ લાયકાત ધરાવતા લોકોને વિદેશથી અમેરિકા બોલાવતી હોય છે. ખાસ કરીને ટેકનોલોજી સેક્ટરમાં H-1B વિઝાધારકો વગર અમેરિકાનું કામ ચાલે તેમ નથી. અધિકારીઓએ જણાવ્યું કે ૨૦૨૫ માટે H-1B વિઝાનું રજિસ્ટ્રેશન ૬ માર્ચથી ૨૨ માર્ચ ૨૦૨૪ સુધી ચાલશે. જે કંપનીઓ વિઝા માટે પિટિશન કરવા માગતી હોય તેમણે USCISના ઓનલાઈન એકાઉન્ટનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાંત બાઈડેન વહીવટીતંત્રે H-1B વિઝાની ફીમાં જે રીતે વધારો કર્યો છે તેનાથી ઈમિગ્રેશન લોયર્સ એસોસિયેશન નાખુશ છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસે H-1B visa પ્રોગ્રામ માટે બે નવા ફાઈનલ રૂલ બનાવ્યા છે. તેના આધારે અમેરિકન કંપનીઓ વિદેશી વર્કરને ભરતી કરી શકશે, પરંતુ તેની ફી વધારે રહેશે. એક નિયમ પ્રમાણે વિઝા ફીમાં મોટો વધારો થયો છે. ૨૦૧૬ પછી પહેલી વખત વિઝા ફી ૧૦ ડોલરથી વધારીને ૧૧૦ ડોલર કરવામાં આવી છે. H-1B visa માટેની રજિસ્ટ્રેશન ફી ૧૦ ડોલરથી વધીને ૨૧૫ ડોલર રહેશે. બીજા રૂલ પ્રમાણે H-1B કેપની લોટરી પ્રોસેસ પણ બદલાઈ રહી છે. તેમાં વિઝાની સંખ્યા વાર્ષિક ૬૫,૦૦૦ નક્કી કરવામાં આવી છે અને અમેરિકન માસ્ટર્સ ડિગ્રી અથવા તેનાથી ઉપરની ડિગ્રી હોય તો તેવા લોકો માટે ૨૦,૦૦૦ વિઝા રખાયા છે.

### ભારત કરપ્શન ઈન્ડેક્સમાં ૯૩મા નંબરે

# કરપ્શન સામેની લડાઈમાં ભારતને ધારી સફળતા હજુ પણ

## ભારતમાં નોટબંધી કે ટેકનોલોજીના ઉપયોગ છતાં કરપ્શનને અંકુશમાં રાખવામાં જોઈએ તેવી સફળતા નથી મળી

નવી દિલ્હી, તા.૧

ભારતમાં ટેકનોલોજીની મદદથી અને નોટબંધીથી ભ્રષ્ટાચાર ઘટશે તેવી માન્યતા હતી પરંતુ ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના રિપોર્ટ પ્રમાણે છેલ્લા એક વર્ષમાં ભારતમાં ભ્રષ્ટાચારમાં કોઈ મોટો ફેરફાર નથી થયો. વિશ્વના ૧૮૦ દેશોમાં કરપ્શનના આધારે એક રેક્િંગ આપવામાં આવ્યું છે જેમાં ભારત ૯૩મા સ્થાન પર છે. વર્ષ ૨૦૨૩માં ભારતને ૩૯નો સ્કોર મળ્યો હતો અને ૯૩મું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેનાથી એક વર્ષ અગાઉ ૨૦૨૨માં ભારતનો સ્કોર ૪૦ હતો અને તેનું રેંક ૮૫ હતું.

આ ગણતરીમાં સ્કોર જેટલો ઓછો તેટલો દેશ વધારે પારદર્શક. અને સ્કોર જેમ વધારે તેમ કરપ્શન પણ વધારે. ભારત એ બાબતમાંથી કદાચ દિલાસો લઈ શકે કે સાઉથ એશિયામાં ભારતના પડોશી દેશો ભારત કરતા પણ વધુ ભ્રષ્ટ છે. ઉદાહરણ તરીકે પાકિસ્તાનને ૧૩૩મો ક્રમ મળ્યો છે જ્યારે આ લિસ્ટમાં શ્રીલંકા ૧૧૫મા ક્રમ પર છે. પરંતુ આ બે દેશો જંગી દેવાના બોજ હેઠળ દબાયેલા છે. ભારતનો પડોશી દેશ ચીન આ લિસ્ટમાં ૭૬મા ક્રમે છે જે ભારત કરતા ૧૪ ક્રમ આગળ છે. છેલ્લા એક દાયકામાં ચીને ભ્રષ્ટ અધિકારીઓ સામે સખત કાર્યવાહી કરી છે અને ૩૭ લાખ ઓફિસરોને પકડીને આકરી સજા કરી છે.

સૌથી ઓછા ભ્રષ્ટ અથવા પ્રામાણિક દેશોની વાત કરવામાં આવે તો તેમાં ડેનમાર્ક નંબર વન છે અને તેને ૯૦ ગુણ મળ્યા છે. બીજા નંબર પર ફિનલેન્ડને ૮૭ પોઈન્ટ મળ્યા છે. ન્યૂઝિલેન્ડ ૮૫ પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે અને નોર્વે ૮૪ પોઈન્ટ સાથે ચોથા ક્રમે છે. ત્યાર પછી સિંગાપોર, સ્વીડન અને સ્વિટ્ઝર્લેન્ડનો વારો આવે છે. સૌથી ભ્રષ્ટ દેશોની વાત કરવામાં આવે તો તેમાં સોમાલિયાનું નામ લેવાય છે જેને ૧૧ પોઈન્ટ મળ્યા છે. ત્યાર પછી વેનેઝુએલા, સિરિયા, સાઉથ સુદાન, યેમેન, નિકારાગુઆ અને નોર્થ કોરિયામાં ભારે ભ્રષ્ટાચાર છે. દુનિયાના સૌથી ઓછા ભ્રષ્ટ અથવા પારદર્શક દેશો જોવામાં આવે તો તેમાંથી મોટા ભાગના યુરોપના છે. સરકારી વ્યવસ્થા અને પારદર્શિતાની બાબતમાં નોર્થ કોરિયા, મ્યાનમાર, અફઘાનિસ્તાનની હાલત સૌથી ખરાબ છે અને આ દેશોમાં અત્યાર સુધીની સૌથી ગંભીર માનવીય કટોકટીની સ્થિતિ છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં તંત્ર ભ્રષ્ટ છે, પરંતુ સુપ્રીમ કોર્ટે લોકોના અધિકાર વધારવા માટે કેટલાક પગલાં લીધા છે. પાકિસ્તાનમાં નાગરિકોને રાઈટ ટુ ઈન્ફોર્મેશન હેઠળ વધુ તાકાત મળી છે. બાંગ્લાદેશ પણ સૌથી ઓછા વિકસીદ દેશોના સ્ટેટસમાંથી બહાર આવ્યું છે. બાંગ્લાદેશને પોતાની ગરીબી ઘટાડવામાં સફળતા મળી છે અને લોકોનું જીવનધોરણ સુધરી રહ્યું છે. જોકે, સરકાર અને મીડિયા વચ્ચે ટક્કર ચાલે છે અને પ્રેસને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

પારદર્શિતાની બાબતમાં ભારતમાં સ્થિતિ સુધરવાના બદલે બગડે તેવી શક્યતા છે. તેનું કારણ છે કે સરકારે નવો ટેલિકોમ ધારો પસાર કર્યો છે જેના કારણે લોકોના મૂળભૂત અધિકારો જોખમાય તેવી શક્યતા છે. આગામી લોકસભાની ચૂંટણી અગાઉ લોકોના નાગરિક અધિકારી દબાવવામાં આવે તેવી શક્યતા આ રિપોર્ટમાં વ્યક્ત કરવામાં આવી છે. માહિતીના અધિકારના કાયદા દ્વારા ભારતમાં સરકારી અધિકારીઓની જવાબદારી નક્કી કરી શકાશે એવું માનવામાં આવતું હતું. પરંતુ તેનાથી પણ ધાર્યા પરિણામો મળ્યા નથી. માહિતીના અધિકારના કાયદાને અગાઉની તુલનામાં હળવો બનાવવામાં આવ્યો છે અને ઘણી વખત તેનો દુરુપયોગ થાય છે. તેથી ભારતમાં હજુ પણ ભ્રષ્ટાચારની સમસ્યા યથાવત છે.

# જૂનાગઢના ‘અકિલા’ના બ્યુરોચીફ વિનુભાઈ જોષીનો આજે જન્મદિન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

છેલ્લા ૨૧ વર્ષથી અકિલા પરિવાર સાથે જોડાયેલ જૂનાગઢના અગ્રણી પત્રકાર સ્વ. સૂર્યકાન્તભાઈ જોષીના લઘુબંધુ અકિલાના જૂનાગઢ જિલ્લાના બ્યુરો ચીવિનુભાઈ જોષીનો આજે ૧ ફેબ્રુઆરીના રોજ ત્રેપનમો જન્મ દિવસ છે. રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા નિવૃત્ત પોલીસ અધિકારી સ્વ. શિવલાલભાઈ જોષીના ઘરે



૧-૨-૧૯૭૦ ના રોજ જન્મેલ વિનુભાઈ જોષી નવ વર્ષ સુધી જૂનાગઢ જિલ્લાના અકિલા બ્યુરો ચીફ સૂર્યકાન્તભાઈ જોષીના મદદનીશ તરીકે કામગીરી સંભાળતા રહેલ ૧૩ વર્ષ પહેલા સૂર્યકાન્તભાઈ જોષીનું અવસાન થતા તેમના સ્થાને પત્રકારત્વ ક્ષેત્રે પ્રવેશ કરી અને જુનાગઢ જીલ્લાના અકિલાના બ્યુરો ચીફ તરીકે પ્રતિનિધિત્વ સંભાળી રહ્યા છે. આજે તેઓના જન્મદિન નિમિતે તેમના શુભેચ્છકો મો. ૯૮૨૫૨ ૩૬૭૧૮ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

### પરીક્ષાઓમાં ગેરરીતિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે

# દોષિઓની હવે ખેર નહીં, મોદી સરકાર લોકસભામાં લાવશે બિલ

## કેન્દ્ર સરકાર આવતા અઠવાડિયે સંસદમાં એક નવું બિલ રજૂ કરી શકે છે, જેમાં મહત્તમ ૧૦ વર્ષની જેલની સજા, ૧ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ હશે

નવી દિલ્હી, તા.૧

કેન્દ્ર સરકાર પેપર લીક રોકવા માટે એક બિલ લાવી રહી છે. આ બિલ સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવશે. આ બીલમા કેન્દ્રીય એજન્સીઓ દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને યુનિવર્સિટીની પરીક્ષાઓનો સમાવેશ કરવામાં આવશે. બિલ હેઠળ દંડ અને જેલની જોગવાઈ હશે. આ કાયદા હેઠળ કેન્દ્ર સરકાર ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય ટેકનિકલ સમિતિની રચના કરશે.

ટૂંકમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગેરરીતિઓ અને અનિયમિતતાઓને સખત રીતે નિપટવા માટે, સરકાર આવતા અઠવાડિયે સંસદમાં એક નવું બિલ રજૂ કરી શકે છે, જેમાં મહત્તમ ૧૦ વર્ષની જેલની સજા અને ૧ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ હશે. સૂત્રોએ જણાવ્યું હતું કે પબ્લિક એક્ઝામિનેશન્સ (અયોગ્ય અર્થ નિવારણ) બિલ, ૨૦૨૪ સોમવારે રજૂ કરવામાં આવી શકે છે પરંતુ તેના પર અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. આ બિલને તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

આ સાથે જ એવું પણ કહેવાય રહ્યું છે કે પ્રસ્તાવિત બિલમાં વિદ્યાર્થીઓને નિશાન બનાવવામાં આવશે નહીં, પરંતુ સંગઠિત અપરાધ, માફિયા અને તેમાં સંડોવાયેલા લોકો સામે કાર્યવાહી કરવાની જોગવાઈ છે. આ બિલમાં ઉચ્ચ સ્તરીય ટેકનિકલ સમિતિનો પણ પ્રસ્તાવ છે, જે કોમ્પ્યુટરાઈઝડ પરીક્ષા પ્રક્રિયાને વધુ સુરક્ષિત બનાવવા માટે ભલામણો આપશે. તાજેતરમાં રાજસ્થાન ચૂંટણી પ્રચાર દરમ્યાન પેપર લીકનો મુદ્દો રાજકીય મુદ્દો બની ગયો હતો. આ કારણે અશોક ગેહલોત સરકારે રાજસ્થાન પબ્લિક એક્ઝામિનેશન એક્ટમાં સુધારો કરવો પડ્યો હતો.

બજેટ સત્રની શરૂઆતમાં સંસદની સંયુક્ત બેઠકને સંબોધતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે સરકાર પરીક્ષાઓમાં ગેરરીતિને લઈને યુવાનોની ચિંતાઓથી વાકેફ છે. તેથી આવી સમસ્યાઓનો કડકાઈથી સામનો કરવા માટે નવો કાયદો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પરીક્ષાનું પેપર લીક દેશવ્યાપી સમસ્યા તરીકે ઉભરી આવ્યું છે. તેથી કેન્દ્રીય કાયદાની જરૂરિયાત અનુભવાઈ છે. ગુજરાત જેવા કેટલાક રાજ્યોએ આ જોખમનો સામનો કરવા કાયદા બનાવ્યા છે. ઉત્તરાખંડ, ગુજરાત અને રાજસ્થાને પેપર લીકની ઘટનાઓને રોકવા માટે કડક નવા કાયદા બનાવ્યા છે. અહીં ગુનેગારોને ૧૦ વર્ષની કેદથી લઈને આજીવન કેદ અને ૧ કરોડ રૂપિયાથી લઈને ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. ઝારખંડમાં પેપર લીક થવા પર આજીવન કેદ અને ૧૦ કરોડ રૂપિયા સુધીનો દંડ થશે. રાજ્યપાલે આ નવા કાયદાને મંજૂરી આપી દીધી છે.

### ૧૯ KG કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં

# એલપીજી વધારો સિલિન્ડરની કિંમતમાં ૧૪ રૂપિયાનો વધારો

## શિયાળાની મોસમમાં માંગમાં વધારો અને આંતરરાષ્ટ્રીય બજારમાં અસરગ્રસ્ત કિંમતોને કારણે સિલિન્ડરમાં વધારો

નવી દિલ્હી, તા.૧

૧ ફેબ્રુઆરીએ હજી તો લોકોના ખાતામાં પગાર પડ્યો છે, ત્યાં જ ૪૪૦ વોલ્ટનો ઝટકો લાગે તેવા સમાચાર સામે આવ્યા છે. ૧લી ફેબ્રુઆરીની વહેલી સવારે LPG ગ્રાહકોને આંચકો લાગશે. દેશના બજેટના દિવસે તેલ કંપનીઓએ ગેસ સિલિન્ડરનું બજેટ બગાડ્યું છે.

શિયાળાની મોસમમાં માંગમાં વધારો અને આંતરરાષ્ટ્રીય બજારમાં અસરગ્રસ્ત કિંમતોને કારણે એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૪ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જોકે, આ વધારો ૧૯ KG કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં કરવામાં આવ્યો છે. ઘરેલુ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કોમર્શિયલ ગેસ સિલિન્ડરના નવા ભાવ આજથી લાગુ થશે. ગયા મહિને પણ ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧.૫૦ રૂપિયાનો વધારો કર્યો હતો.

દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં વધારો થયા બાદ તે ૧૭૬૯.૫૦ રૂપિયા પર પહોંચી ગયો છે. તો કોલકાતામાં ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૮૮૭.૦૦ રૂપિયા પર પહોંચી ગઈ છે. મુંબઈમાં તે ૧૭૨૩.૫૦ રૂપિયા છે અને ચેન્નાઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૯૩૭ રૂપિયા પર પહોંચી ગઈ છે.

IOCLની વેબસાઈટ અનુસાર તેની કિંમતોમાં ૧૪ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જેના બાદ રાજધાની દિલ્હીમાં એક કોમર્શિયલ સિલિન્ડરની કિંમત વધીને ૧૭૬૯.૫૦ રૂપિયા થઈ ગઈ છે. નવી કિંમતો ૧ ફેબ્રુઆરી ૨૦૨૪થી લાગુ થઈ ગઈ છે. આ ભાવ વધારાથી લોકોમાં કચવાટની લાણી જોવા મળે છે.

## નવનિર્મીતશ્રી વિઠ્ઠલેશ ભવનમાં સર્વાંગ સુંદર પરમ મોહીની સ્વરૂપ શ્રી બડે મદનમોહન પ્રભુનો દિવ્ય અને અલૌકિક પાટોત્સવ, છપ્પનભોગ મહોત્સવનું ભવ્ય આયોજન




જૂનાગઢ, તા.૧

જૂનાગઢના આંગણે પટેલ કન્યા છાત્રાલય પાછળ જોષીપુરા ખાતે નવનિર્મીત શ્રી વિઠ્ઠલેશ ભવનનામાં સર્વાંગ સુંદર પરમ મોહીની સ્વરૂપ શ્રી બડે મદનમોહન પ્રભુનો પાટોત્સવ, છપ્પનભોગ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે અને આવતીકાલથી આ ભવ્ય મહોત્સવનો પ્રારંભ કરવામાં આનાર છે. આ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર આવતીકાલ તા.૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સવારે ૯ કલાકે એ.જી. સ્કુલથી ભવ્ય શોભાયાત્રા યોજાશે અને આજ દિવસે બપોરે ૨ કલાકે પાટોત્સવ યોજાશે. આ ઉપરાંત તા.૪ ફેબ્રુઆરી ૨૦૨૪ સાંજે ૫ કલાકે છપ્પનભોગનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત શ્રીના વિવિધ મનોરથના દર્શનનો કાર્યક્રમ પણ જુના મંદિરે યોજાઈ રહ્યો છે તેમજ આવતીકાલ તા.૨/૨/૨૦૨૪થી પોષવદ ચૌવદશ તા.૯/૨/૨૦૨૪ સુધી નવા મંદિરે દર્શન થશે. શ્રી બડે મદનમોહનજી મંદિર શ્રી વિઠ્ઠલેશ ભવન વિજયનગર પટેલ કન્યાછાત્રાલયની પાછળ જોષીપરા જૂનાગઢ ખાતે રાત્રીના ૯ કલાકે વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમ પણ યોજવામાં આવી રહ્યા છે અને આ કાર્યક્રમ અંતર્ગત આજે તા.૧/૨/૨૦૨૪ ગુરૂવારે હાસ્ય દરબાર, તા.૨/૨/૨૦૨૪ શુક્રવારે કવિ સંમેલન, તા.૩/૨/૨૦૨૪ શનિવારે સિતારવાદન, શાસ્ત્રીય ગાયન તેમજ તા.૫/૨/૨૦૨૪ સોમવારે સરોદ વાદન અને તા.૬/૨/૨૦૨૪ મંગળવાર શાસ્ત્રીય વાદ્ય કચેરીનો કાર્યક્રમ યોજાશે તેમજ તા.૭/૮/૯/૨/૨૦૨૪ એમ ત્રણ દિવસ કિર્તન સંમલનનું પણ આયોજન કરવામાં આવેલ છે. પૂ.પા.ગોસ્વામી ૧૦૮ શ્રી શરદવલ્લભરાયજી મહારાજશ્રીના માર્ગદર્શન અને આર્શીવાદ સાથે આ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આપશ્રીની આજ્ઞાથી શ્રી વિઠલેશભવન નવનિર્માણ સમિતિના પ્રમુખ નટુભાઈ ઢોલરીયા દ્વારા આ ભવ્ય કાર્યક્રમનો લાભ લેવા સર્વે વૈષ્ણવોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## ગીર સોમનાથ જીલ્લા કલેક્ટર વઢવાનીયા અને ડીડીઓ ખતાલેની બદલી

### નવા કલેક્ટર તરીકે મોરબીથી ડી.ડી.જાડેજા અને નવા ડીડીઓ તરીકે ગાંધીનગરથી સ્નેહલ પુરષોતમભાઈ ભાપકરની નિયુક્તિ

**નિવૃત્તિ નજીક પહોંચેલ કલેક્ટર એચ.કે.વઢવાનીયાની વહીવટી સૂઝબુઝ સાથે ગુડ ગવર્નન્સનો ગીર સોમનાથને મળ્યો લ્હાવો : ૧૦ માસના ટૂંકા ફરજ કાર્યકાળમાં સારી એવી લોકચાહના મેળવી બદલી પામેલ બન્ને અધિકારીઓએ જિલ્લામાં ગુડ ગવર્નન્સની સુવાસ પ્રસરાવી**


નવનિયુકત કલેક્ટર ડી.ડી. જાડેજા



નવનિયુકત ડીડીઓ સ્નેહલ ભાપકર

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧

ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય બન્ને અધિકારીઓની બદલી થઈ છે. જિલ્લા કલેકટર હરજીભાઈ વઢવાનીયાની બદલી સાથે ગાંધીનગર આરોગ્ય વિભાગમાં એડી. સેક્રેટરી તરીકે નિયુક્તિ થઈ છે ત્યારે ગીર સોમનાથ જિલ્લાના નવા કલેક્ટર તરીકે મોરબીથી ડી. ડી.જાડેજાની નિયુક્તિ થઈ છે. આવી જ રીતે જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલેની બદલી સાથે અમદાવાદ ખાતે રિજીનીયલ કમિશ્નર મ્યુલસીપાલિટી તરીકે નિયુક્તિ થઈ છે ત્યારે ગીર સોમનાથ જિલ્લાના નવા ડી.ડી.ઓ તરીકે ગાંધીનગરથી સ્નેહલ પુરષોતમભાઈ ભાપકરની નિયુક્તિ થઈ છે. ગીર સોમનાથ જિલ્લામાં માત્ર ૧૦ માસ જેટલો સમય જ ફરજ બજાવનાર કલેક્ટર હરજીભાઈ વઢવાનીયા આગામી ૩૧/૦૮/૨૦૨૪ના નિવૃત્ત થઈ રહેલા હોય અને લોકસભા ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીના પડઘમ વાગી ચુક્યા છે ત્યારે ચૂંટણીપંચના નિયમો અનુસાર નિવૃત્તિ સમયે ચૂંટણી પ્રક્રિયામાં સેવા આપી ન શકે તદ્ ઉપરાંત કલેકટર હરજીભાઈ વઢવાનીયાને બઢતી સ્કેલ આવેલ હોય જેથી સરકાર દ્વારા તેમને એડી. સેક્રેટરી તરીકે ગાંધીનગર ખાતે નિયુક્ત કરાયા હોવાનું જાણવા મળ્યું છે. નિવૃત્તિની નજીક પહોંચેલા કલેકટર હરજીભાઈ વઢવાનીયાની વહીવટી સૂઝબૂઝનો બહોળો લાભ ગીર સોમનાથ જિલ્લાને પ્રાપ્ત થયો છે. ગીર સોમનાથ જિલ્લામાંમાં ૧૦ માસ પૂર્વે નિયુક્તિ થઈ તે સમયે સરકારનો મહત્વપૂર્ણ સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ ગીર સોમનાથ જિલ્લામાં યોજાયો હતો અને કેન્દ્ર સરકારની સીધી દેખરેખ આ કાર્યક્રમ ઉપર હતી ત્યારે આ મહત્વપૂર્ણ કાર્યક્રમને ટીમવર્ક સાથે સુપેરે પાર પાડ્યો હતો. જિલ્લામાં સરકારની અનેક મહત્વકાંક્ષી યોજનાઓની અસરકારક અમલવારી ઉપરાંત ગુડ ગવર્નન્સની પ્રતીતિ કલેક્ટર હરજીભાઈ વઢવાનીયાએ ગીર સોમનાથ જિલ્લાને કરવી છે. આવી જ રીતે ગીર સોમનાથ જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારી તરીકે યુવા અને તરવૈયા અધિકારી તરીકેની લોકચાહના મેળવનાર રવિન્દ્ર ખતાલે પણ ગીર સોમનાથ જિલ્લામાં ગ્રામ્ય સ્તરે અનેક સરકારની વિવિધ યોજનાઓની અમલવારી સહિત નોંધપાત્ર કામગીરી બજાવેલ હોય બંને અધિકારીઓએ ગીર સોમનાથ જિલ્લામાં સારી એવી કામગીરીની સુવાસ ફેલાવી છે. હાલ લોકસભા ની ચૂંટણીના પડગમ વાગી રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા એક સાથે ૫૦ આઈ.એ.એસ અધિકારીઓની બદલીઓ કરેલી છે. જેમાં ગીર સોમનાથ જિલ્લામાં નવનિયુક્ત જિલ્લા કલેકટર તરીકે.મોરબી માં જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવી ચૂકેલ ડી.ડી. જાડેજા જ્યારે નવા ડી.ડી.ઓ તરીકે ગાંધીનગરથી સ્નેહલ પુરષોતમભાઈ ભાપકરની નિયુક્તિ કરી છે.

## સત્યમ સેવા યુવક મંડળની સેવાકીય પ્રવૃતિથી રાજયપાલ પ્રભાવિત થયા



જૂનાગઢ, તા.૧

ગરવા ગિરનારની ગોદમાં જૂનાગઢના આંગણે ૭૫ માં પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણીના ભાગરૂપે એટ હોમ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતમા જૂનાગઢના ૫૦ પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીઓને આમંત્રિત કરવામાં આવેલ હતા. જેમાં રાજ્યપાલ સાથે અંગત મુલાકાત બાદ ભોજન દરમ્યાન મનસુખભાઈ વાજાએ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ચલાવવામાં આવતી સેવાકીય પ્રવૃતિઓની વિગતે ચર્ચા કરતા રાજયપાલે ખૂબજ ધ્યાનથી સાંભળી મનસુખભાઈ વાજાની પ્રવૃત્તિને બિરદાવેલ હતી.

## દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુ કરશનભાઈ સાવલીયાનો દેહદાનનો સંકલ્પ

જૂનાગઢ, તા.૧

જૂનાગઢના જોષીપરા ખાતે હાલ રહેતા અને મુળ આલીધ્રા ગામના દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુ કરશનભાઈ પોપટભાઈ સાવલીયા (નિવૃત એસટી કંડકટર) તેમજ લેવા પટેલ કન્યાછાત્રાલય જોષીપરાના પ્રતિનિધ કંમ સિકયુરીટી તરીકે ફરજ બજાવી છે તેઓએ પોતાના પરીવારજનોની સંમતી મેળવી અને પોતાના નિધન બાદ દેહદાનનો સંકલ્પ કરેલ છે અને આ અંગે જીએમઈઆરએસ મેડીકલ કોલેજ જૂનાગઢને તબીબી વિદ્યાર્થીઓના અભ્યાસ માટે પોતાના મૃત્યુ બાદ મૃતદેહનું દાન આપવાનો સંકલ્પ પાઠવતા તેઓના આ સંકલ્પ પત્રને જીએમઈઆરએસ મેડીકલ કોલેજ જૂનાગઢના ડીન દ્વારા સ્વીકાર કરી ઋણ અદા કરવામાં આવેલ છે.

## વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા તા.૫ ફેબ્રુઆરીના રોજ શબવાહીનીનું લોકાર્પણ



(વિનુ પુરોહીત દ્વારા) વિસાવદર, તા.૧

વિસાવદરતા.ગણપતિ ઉત્સવ સમિતિ-વિસાવદરના પ્રમુખ સુરેશભાઈ સાદરાણી તથા વિસાવદરના એડવોકેટ નોટરી નયનભાઈ જોશી અને ધર્મેન્દ્રભાઈ વિરાણી દ્વારા છેલ્લા દોઢથી બે મહિનાથી ચાલતા શબવાહીની માટે એકત્રિત કરાતા લોકફાળાથી ખરીદ કરવામાં આવેલ શબવાહીનીમાં જરૂરી સ્ટેચર સાથેની સુવિધાઓ સાથેની શબવાહીની તૈયાર થઈ ગયેલ હોય જેનું લોકાર્પણ ચાંપરડા આશ્રમના મહંત અને ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ તેમજ શ્રી શંભુ પંચ અગ્નિ અખાડાના સભાપતિ પૂજ્ય મુકતાનંદબાપુના તથા સતાધાર પૂજ્ય આપાગીગાની જગ્યાના મહંત અને ગુજરાત સાધુ સમાજના ઉપાધ્યક્ષ વિજયબાપુની વરદ હસ્તે તા.૫/૨/૨૦૨૪ના રોજ દાતાઓની તથા વિસાવદર શહેર તથા તાલુકાની જનતાની વિશેષ ઉપસ્થિતિમાં ગૌશાળા-વિસાવદરના મેદાનમાં સવારના ૧૦-૦૦ વાગ્યે રાખમાં આવેલ હોય આ શબવાહીનીના લોકાર્પણના શુભ અવસરે તમામ દાતાઓ તથા શહેર અને તાલુકાની જનતાને ઉપસ્થિત રહેવા ગણપતિ ઉત્સવ સમિતિ તરફથી જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે.

## દેશના તમામ સૈનિકોનો પગાર વધારો કરી અન્ય લાભો આપવા વડાપ્રધાન સમક્ષ માંગ કરતી ટિમ ગબ્બર

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૧

ટિમ ગબ્બર ગુજરાતના કે.એચ. ગજેરા તથા વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા વડાપ્રધાન, રાજયપાલ, મુખ્યમંત્રી, કલેકટર તમામ જિલ્લા સહિતનાને લેખિત રજુઆત કરી જણાવેલ છે કે, દેશની ચોવીસ કલાક રક્ષા કરતા સમગ્ર દેશના સૈનિકોને ખુબ જ ઓછો પગાર અપાતો હોય તેમજ તેમનું યોગ્ય સન્માન પણ થતું ન હોય જ્યારે દેશના શિક્ષકોને ખુબ મોટા પગારો આપવામાં આવતા હોય. આ ઉપરાંત ૧૫મી ઓગસ્ટ તથા ૨૬મી જાન્યુઆરીએ રાજકીય લોકોના સન્માનની સાથો સાથ આવા સૈનિકોના પણ સન્માન કરવામાં આવે તેમજ દેશ માટે શહીદ થયેલ સૈનિકોના પત્નીને વિધવાના બદલે વિરવિધવાનો દરજ્જો આપવામાં આવે તેમજ દેશના સાંસદોને રૂપિયા પચ્ચાસ હજારના ટેલિફોન બિલ તથા ચાર લાખ રૂપિયા વાહન ખરીદવા માટે વગર વ્યાજે લોન આપવામાં આવે છે તેમજ વર્ષમાં જેટલી પ્લેનમાં જવાની સુખ સગવડતાઓ આપવામાં આવે છે તેમજ મકાન ખરીદવા કે મકાન બનાવવા માટે જે ઓછા દરે લોન આપવામાં આવે છે તેવી જ રીતે પોતાના ઘરથી હજારો કીમી. દૂર સતત મોત સાથે ઝઝૂમતા દેશના સૈનિકો માટે સંવેદનશીલ સરકાર સંવેદના દાખવી આવા લાભો આપે તેવી અમારી ટિમ ગબ્બરની માંગ સાથે રજુઆત છે. દેશમાં જ્યારે જ્યારે કોઈ સંકટ ઉભુ થાય અને પુર હોનારત થાય કે આંતકવાદી આવે,ધરતી કંપ આવે કોઈ બાળક બોરમાં ફસાઈ જાય ત્યારે આર્મીને બોલાવવામાં આવે છે તો જાહેર દેશભક્તિના સન્માન વખતે પણ તેમને મુખ્યમહેમાન તરીકે બોલાવી સન્માન થવું જોઈએ. દેશના સૈનિકો માઈનસ ડિગ્રીમાં પણ દિવાસ રાત જોયા વગર પરિવારની ચિંતા છોડી દેશની ચિંતા કરતા હોય ત્યારે તેમનેજ આવો અન્યાય કેમ ? તેથી સૈનિકોને પણ આવા તમામ લાભો આપવા અમારી ટિમ ગબ્બર ગુજરાતની માંગ સાથે રજુઆત કરેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશીએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## અદાણી જૂથના શેરમાં રોકાણ વધુ ફાયદાકારક, અમેરિકન રિસર્ચ કંપનીનું તારણ

### અદાણી એન્ટપ્રાઈઝના શેરમાં ૫૦% કરતા વધુ રિટર્નનો અંદાજ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧

અદાણી ગ્રૂપની કંપનીઓમાં નાણાંનું રોકાણ રોકાણકારો માટે વધુ ફાયદાકારક નીવડી શકે છે. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા અમેરિકન રિસર્ચ કંપનીના વિશ્લેષણ મુજબ અદાણી ગ્રૂપની ફલેગશિપ કંપની રોકાણકારોને ૫૦% કરતા વધુનો ફાયદો પહોંચાડી શકે છે. યુએસ સ્થિત રિસર્ચ ફર્મ કેન્ટર ફિટ્ઝગેરાલ્ડ એન્ડ કંપનીએ જણાવ્યું છે કે અદાણી એન્ટરપ્રાઈઝ ભારતની આર્થિક મહત્વાકાંક્ષાઓમાં કેન્દ્રસ્થાને છે અને તેમાં રોકાણ કરવાથી વધુ લાભ થઈ શકે છે. અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડની ભાવિ યોજનાઓને જોતા રિસર્ચ ફર્મે ૨૮મી જાન્યુઆરીએ જણાવ્યું હતું કે વર્તમાન પરિસ્થિતીઓમાં તેમાં કરેલું રોકાણ ઓછા જોખમ સાથે વધુ લાભકારક નીવડી શકે છે. અદાણી એન્ટરપ્રાઈઝ માટે યુએસ સ્થિત બ્રોકરે ૪,૩૬૮ રૂપિયાની કિંમતનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. બ્લૂમબર્ગ દ્વારા સંકલિત રેટિંગ ડેટા અનુસાર તે એકમાત્ર સ્ટોક ભલામણ કરવા લાયક છે. સોમવારે અદાણી એન્ટરપ્રાઈઝિસ ૫.૪% જેટલો ઉછળ્યો હતો તેમજ અન્ય જૂથ કંપનીઓમાં પણ વધારો નોંધાયો હતો. ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના સમૂહ ઉપર કેન્ટરની ખરીદીની ભલામણ કંપનીના સેન્ટિમેન્ટને વધુ ઉત્તેજન આપશે. ગત વર્ષે યુએસ શોર્ટ સેલરના કથિત ગોટાળાના અહેવાલથી કંપનીને ફટકો પડ્યો હતો. જોકે હિંડનબર્ગના આરોપો સાબિત થઈ શક્યા નહોતા. અદાણીની ૧૦ કંપનીઓનું સંયુકત શેરબજાર મૂલ્ય ફેબ્રુઆરીમાં ૮૨ અબજ ડોલરના વિક્રમી નીચા સ્તરેથી બમણું વધીને ૧૮૫ અબજ ડોલર થયું છે. રિસર્ચ ફર્મના રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે Adani Enterprisesના વર્તમાન વેલ્યૂએશનમાં શોર્ટ સેલરના રિપોર્ટ મુજબ કાંઈ દેખાઈ રહ્યું નથી. એનાલિસ્ટનું માનવું છે કે, ભવિષ્યમાં કંપનીના અન્ય બિઝનેસ સેગમેન્ટમાં ડીમર્જ થવાની સંભાવના છે. વિષ્લેષકોનું માનવું છે કે, અદાણી ગ્રુપનું કદ એટલું વધી રહ્યું છે કે તેની અવગણના કરવી મુશ્કેલ છે. વધતા જતા કંપનીના કદને કારણે કેન્ટરે અદાણી એન્ટરપ્રાઈઝના શેરને ખરીદવાની સલાહ આપી છે. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે અદાણી એન્ટરપ્રાઈઝિસનું વર્તમાન મૂલ્યાંકન મોટાભાગે તેના એરપોર્ટ, રસ્તાઓ અને નવા ઉર્જા સેગમેન્ટ દ્વારા સંચાલિત છે. બ્રોકરેજ ફર્મનું કહેવું છે કે, આત્મનિર્ભર ભારતના રસ્તા અદાણી ગ્રુપ દ્વારા જ પૂરા થાય છે. માર્ચ ૨૦૨૩માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં તેઓએ ૮૫% થી વધુ આવકનું યોગદાન આપ્યું હતું. અદાણી એન્ટરપ્રાઈઝ સ્ટોકમાર્કેટમાં અગ્રણી શેરોમાંનો એક અને ૧૦મો સૌથી મોટો બિન-નાણાકીય સ્ટોક છે. વળી તેના શેરમાં શાનદાર તેજી જોવા મળી રહી છે. તેવામાં આગામી ભવિષ્યમાં તે શેરધારકોને ૫૦% કરતા વધુનો ફાયદો પહોંચાડી શકે છે.

## રૂા. ૨૫૦ કરોડથી વધુના ખર્ચે સિમેન્ટ અને લોખંડના ઉપયોગ વગર બની રહ્યું છે,વડતાલમાં 'અક્ષર ભુવન'

સાળંગપુર, તા.૧

વડતાલ સ્વામિનારાયણ મંદિર દ્વારા ગોમતી તળાવના કિનારે રાજમહેલ જેવા ભવ્ય અક્ષર ભુવન બનાવવામાં આવી રહ્યું છે. જેનું ૩૦% જેટલું કામ પૂર્ણ થઈ ગયું છે. ૪, ૭૦, ૧૫૦ સ્કવેર ફૂટમાં આકાર લઈ રહેલાં અક્ષર ભુવનનું બાંધકામ અસલ ભારતીય પરંપરા મુજબ કરવામાં આવી રહ્યું છે. જે અંગે વડતાલ મંદિરના કોઠારી ડૉક્ટર સંત વલ્લભસ્વામીએ ખાસ વાતચીત કરી હતી.

**અક્ષરભુવના બાંધકામમાં ક્યાંય લોખંડ અને સિમેન્ટનો ઉપયોગ કરાશે નહીં**

વડતાલ મંદિરના કોઠારી ડોકટર સંતવલ્લભસ્વામીએ અક્ષર ભુવનના કન્સ્ટ્રક્શન અને તેની વિશેષતા અંગે વાત કરતા કહ્યું કે, “અત્યારે વડતાલમાં ગોમતી તળાવના કિનારે મ્યુઝિયમના ગ્રાઉન્ડ ફ્લોરનું કામ ચાલી રહ્યું ફુલ સ્પીડમાં ચાલી રહ્યું છે. આ પહેલાં તેના પાયામાં દોઢ લાખ સ્કવેર ફૂટમાં ૩ ફૂટની હાઈટવાળો ચૂનાનો સ્લેબ બનાવ્યો હતો, જેની ઉપર ચાર ફૂટના ગ્રેનાઈટ પથ્થરથી લેયર કરવામાં આવ્યું છે. અક્ષરભુવના બાંધકામમાં ક્યાંય લોખંડ અને સિમેન્ટનો ઉપયોગ કરાશે નહીં ભારતીય પૌરાણિક બાંધકામ પરંપરા મુજબ જ આખું અક્ષર ભુવન બનાવવામાં આવી રહ્યું છે. આ આખું મ્યુઝિયમ ૨ હજાર વર્ષ સુધી અડીખમ રહેશે. આખા મ્યુઝિયમ ફરતે ૧૮ ફૂટની ૫ ફૂટ પહોળી ગ્રેનાઈટની વોલ આવશે અને દોઢ ફૂટનું લાલ પથ્થરનું ગ્લેડિંગ કરાશે.”

**ગમે એવો ભૂકંપનો ઝટકો પણ અક્ષર ભુવનના બિલ્ડિંગને જરાપણ અસર કરશે નહીં**

ડો.સંતવલ્લભસ્વામીએ એમ પણ જણાવ્યું કે, “જ્યારે પાયાનું કામ પૂર્ણ થયું ત્યારે અમે ભૂકંપ પ્રૂફિંગ માટે ૧૨૦૦ ટનથી વધુ વજન મૂકી જેકથી ચેક પ્રેશર ચેક કર્યું હતું. જેમાં પાયો એમને એમ જ રહ્યો હતો તેમાં જરાપણ અસર થઈ નહોતી. એટલે એના ઉપરથી કહી શકાય કે, ગમે એવો ભૂકંપનો ઝટકો પણ અક્ષર ભુવનના બિલ્ડિંગને જરાપણ અસર કરશે નહીં. આ અક્ષર ભુવનમાં ૪ મોટા ઘુમ્મટ, ૩૧ નાના ઘુમ્મટ, ૧૬ સામરણ હશે. મ્યુઝિયમની અંદર એક વીઆઈપી સ્વાગત કક્ષ, ૯ વિશાળ પ્રદર્શન ખંડ અને સંત આશ્રમ બનાવવામાં આવશે. તો મ્યુઝિયમની વચ્ચોવચ કમળની ડિઝાઈનમાં નવધા ભક્તિનાં દર્શન લોકો કરી શકશે. આ કમળની દરેક પાંખડી ઉપર ૧૬-૧૬ ફૂટની પ્યોર બ્રાસની મૂર્તિ અને તેની વચ્ચોવચ સ્વામિનારાયણ ભગવાનની ૫૨ ફૂટ ઊંચી મૂર્તિ મૂકવામાં આવશે.”

**ચાર લેયરનું કામ પૂરૂ થઈ ગયું છે અને પાંચમા લેયરનું કામ ચાલું છે**

ડૉક્ટર સંત વલ્લભસ્વામીએ વધુમાં જણાવ્યું કે, “અક્ષર ભુવનના ગ્રાઉન્ડ ફ્લોરમાં ૬૮ ઠ ૩૬ ઠ ૩૬ ટનના ખડસલ તૈયાર થઈ ગયા છે. તેની ઉપર ૪૪ X ૪૪ X ૩૦ સ્કવેર ફૂટની કુંભી લગાવવામાં આવશે. જેના ૩૪૦ પીસ લગાવી દીધા છે. આ પછી તેના ઉપર મેઈન પાર્ટ ૧૮ નંગ ભરણી લગાવવામાં આવી છે, જેનું કામ અત્યારે ચાલી રહ્યું છે. તો કોલમની વચ્ચે ૫૬૪ કમાન ૩૬ ઠ ૩૬ X ૧૦૧ સ્કવેર ફૂટની સાઈઝના લગાવવામાં આવશે. જેમાંથી ૧૧૨ કમાનનું



ફિટિંગ થઈ ગયું છે અને બીજા કમાન લગાવવાનું ચાલી રહ્યું છે. ૫૧ X ૫૧ X ૧૨ની ભરણીમાં ૭૮ X ૭૮ X ૨૨ના ભેટાસરૂ ૧૫ પણ લગાવી દીધા છે. ટોટલ કોલમ નીચેના માળમાં ૫૦૨ કોલમ હશે. જેમાં પોલિસ કરેલા ૩૪૦ કોલમ અને ૧૬૨ રફ કોલમ હશે. જેમાં ચાર લેયરનું કામ પૂરૂ થઈ ગયું છે અને પાંચમા લેયરનું કામ ચાલું છે.”

**અક્ષર ભુવનનું કામ આગામી સાડા ત્રણ વર્ષમાં પૂર્ણ થઈ જશે**

ડૉક્ટર સંતવલ્લભ સ્વામીએ વધુમાં એમ પણ જણાવ્યું કે, “ગયા વર્ષે રાજસ્થાનથી લાવવામાં આવેલો ચૂનો ૪૦૦૦ ટન વપરાયો છે અને આ વર્ષે ૧૬૮૦ ટન વપરાયો છે. તો ૯ X ૭ X૧૫ સ્કવેર ફૂટની સાઈઝના બેલા ૧,૩૨,૭૧૩ કાલ સાંજ સુધી ફીટ થઈ ગયા છે અને બીજા લગાવવામાં આવી રહ્યા છે. અહીં અત્યારે ૧૫૦ કારીગર દિવસના ૧૬-૧૬ કલાક કામ કરી રહ્યા છે. આ અક્ષર ભુવનનું કામ આગામી સાડા ત્રણ વર્ષમાં પૂર્ણ થઈ જશે તેવી પ્રબળ શક્યતા છે.”

**અક્ષર ભુવનમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉપયોગમાં લીધેલી વસ્તુ પ્રદર્શિત કરાશે**

અક્ષર ભુવનમાં પ્રદર્શન માટે મૂકાનારી વસ્તુ અંગે ડૉ.સંતવલ્લભ સ્વામીએ જણાવ્યું કે, આ અક્ષરભુવનમાં ભગવાન સ્વામિનારાયણના જીવનમાં ઉપયોગમાં આવેલી વસ્તુઓ જેવી કે સુવર્ણ પિચકારી, તીર અને ધનુષ, ધરમપુરના રાજમાતા કુશળ કુંવરબાએ આપેલો જરીનો ગૂંથેલો મુગટ, ગાયકવાડ સરકારે અર્પણ કરેલો નવલખો હાર, સ્વામિનારાયણ ભગવનનાં નખ, અસ્થિ, કેશ, ચરણરજ, મોજડી, ખેસ,૫૧ વાટની આરતી, શાલ, સહિતની વસ્તુ લોકો માટે પ્રદર્શિત કરવામાં આવશે.

## મોબાઈલ પર આવતા સસ્તી લોનના મેસેજ તદન ખોટા

નવી દિલ્હી, તા.૧

તમારા ફોનમાં કોઈ આ પ્રકારનો મેસેજ આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, સરકારની એક નવી સ્કીમ હેઠળ સસ્તામાં લોન આપવામાં આવી રહી છે. આ મેસેજમાં એવું કહેવામાં આવ્યું છે કે, તમે માત્ર આધાર કાર્ડનો ઉપયોગ કરીને લોન લઈ શકો છો. પ્રધાનમંત્રી યોજના આધારકાર્ડ લોન ૨% વ્યાજ, ૫૦% ટકા માફ, કોલ ૮૫૯૫૩૧ ૧૯૫૫નો મેસેજ આવે છે. પીઆઈબી ફેક્ટ ચેક દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહેવામાં આવ્યું છે કે, લોન વિશે જે મેસેજ ફરી રહ્યો છે તે બિલકુલ ખોટો છે. સરકાર તરફથી આધારકાર્ડ પર લોન આપવાની કોઈ સ્કીમ ચલાવવામાં આવતી નથી. પોસ્ટમાં જે લખેલું છે તે એક ફેક મેસેજ છે. જેમા સરકારની સ્કીમ હેઠળ આધાર કાર્ડ દ્વારા વાર્ષિક માત્ર ૨ ટકાના દરે લોન આપવામાં આવશે. આવા ફેક મેસેજોને આગળ ફોરવર્ડ ન કરશો. આ તમારી પ્રસનલ માહિતી મેળવીને ઠગો તમારી સાથે કોઈ છેતરપિંડી કરી શકે છે. એટલે સાવધાન રહો અને આવા કોઈ પણ મેસેજ આવે તો પહેલા બરોબર ચેક કરો.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# રામલલાના જયજયકાર સાથે ભારતના ઈતિહાસમાં એક નવા યુગની શરૂઆત થઈ

રામલલાના જયજયકાર સાથે ભારતના ઈતિહાસમાં એક નવા યુગની શરૂઆત થઈ ચૂકી છે. દેશભરમાં જોવા મળેલો અદમ્ય ઉત્સાહ સનાતન હિંદુ ધર્મની પુનઃપ્રતિષ્ઠા થઈ રહી હોવાનો સુખદ અહેસાસ કરાવી રહ્યો છે. સદીઓથી ભગવાન શ્રીરામ હિંદુઓના આરાધ્ય રહ્યા છે તેમના જન્મસ્થાનમાં તેમની પુનઃપ્રતિષ્ઠા આશરે ૫૦૦ વર્ષ પછી થઈ શકે છે. ભારત સેક્યુલર દેશ છે, અહીં કોઈ ધર્મ રાષ્ટ્રીય ધર્મ નથી, પરંતુ હિંદુ ધર્મ સનાતન હતો તેના વિશે કોઈ મતમતાંતર હોવો જ ન જોઈએ.

આજે ૨૬મી જાન્યુઆરી છે, દેશ આજે ૭૫મો પ્રજાસત્તાક દિવસ ઉજવી રહ્યો છે. રામ જન્મભૂમિ પર મંદિરનું નિર્માણ કરી સત્તાધારી પક્ષ તેનો જશ ખાટી રહ્યું છે, એ ખોટું પણ નથી, પરંતુ રામના નામે વોટબેંક ઊભી થઈ રહી છે એવી આશંકા બૌદ્ધિકો દર્શાવી રહ્યા છે. આપણા દેશમાં સદીઓથી જ્ઞાતિ, જાતિ અને ધર્મ આધારિત રાજકારણ ચાલી જ રહ્યું છે. એમાં કોઈ નવાઈ નથી. કોઈ પક્ષ દૂધે ધોયેલો નથી. રામ જન્મભૂમિનો વિવાદ જ બેબુનિયાદ હતો, તેથી સનાતન ધર્મની જીત થઈ છે. તુષ્ટીકરણની રાજનીતિ હવે પ્રજા સમજવા લાગી છે. લોકસભાની ચૂંટણીઓના બ્યૂગલ ફૂંકાવાની શરૂઆત રામમંદિર બન્યા પછી તરત થઈ છે એ બાબત પણ સૂચક છે.

આજે ૭૫મા પ્રજાસત્તાક દિવસે જાગૃત નાગરિક હોવાના નાતે દેશમાં ચાલી રહેલા પ્રવાહો વિશે થોડુંક ચિંતન અને થોડી ચિંતા કરવી જ જોઈએ. આપણે સાર્વભૌમ રાષ્ટ્ર બન્યાના અમૃતકાળમાં પહોંચ્યા છીએ ત્યારે છેલ્લા ૭૪ વર્ષનું સરવૈયું કાઢીએ તો જણાય છે કે આપણે ક્યાં હતા અને ક્યાં પહોંચ્યા છીએ. વધારે મહત્ત્વનું એ છે કે હવે આપણે કઈ દિશામાં આગળ વધી રહ્યા છીએ. ભારતના સંવિધાનમાં અધિકાર કોઈ શાસક કે સત્તાધીશને નહીં પણ પ્રજાને મળે તેવી જોગવાઈ છે. પરંતુ આ જોગવાઈને વોટબેંકમાં પરિવર્તિત કરી નાખવાની રમત આઝાદી મળ્યા પછી તરત જ રમાવાની શરૂઆત થઈ હતી. તેના પરિણામે આજે દેશમાં એક કે બે પક્ષ નહીં, પરંતુ અનેક પક્ષોનો શંભુમેળો જામ્યો હતો. ગમે ત્યારે ગમે તે પક્ષમાં સત્તા માટે જોડાઈ જતા રાજકારણીઓએ સુજલામ્ સુફલામ્ એવા ભારત રાષ્ટ્રની ઘોર ખોદી નાખી છે. ચૂંટણી આવે ત્યારે પક્ષપલટાની મોસમ પૂરબહારમાં ખીલી જતી હોય છે. સત્તા નામની સુંદરીને પામવા અધીરા બનેલા નેતાઓ કોડીના ભાવે વેચાવા તૈયાર થાય ત્યારે રાષ્ટ્રના હિતની ચિંતા થવી સ્વાભાવિક છે.

દેશ જ્યારે ૭૫મો પ્રજાસત્તાક દિવસ ઉજવી રહ્યો છે ત્યારે ગરીબી, બેકારી અને નિરક્ષરતાથી ત્રસ્ત પ્રજાને સ્વાતંત્ર્ય દિવસ અને પ્રજાસત્તાક દિવસ વચ્ચેના ભેદની પણ કદાચ ખબર નહીં હોય. પ્રજાસત્તાક હોવું એટલે શું એ જ પ્રજાને ખબર નથી. જ્યાં ન્યાય અને નીતિમત્તાના ત્રાજવે બધાનો તોલ સરખો જ ચાલતો હોય એવા સમરસ સમાજને પ્રજાસત્તાક કહેવાય. જ્યાં પાયામાં સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ હોય એવું રાષ્ટ્ર જ્યાં કોઈ ધર્મ રાષ્ટ્રીય ધર્મ ન હોય, જ્યાં કોઈ ઊંચ-નીચના ભેદભાવ ન હોય, જ્યાં બધા ધર્મોને સરખું સન્માન મળતું હોય એવો દેશ પ્રજાસત્તાક કહેવાય. શું તમને એવું લાગે છે કે આપણે પ્રજાસત્તાક રાષ્ટ્રના નાગરિકો છીએ? લોકશાહીના મ્હોરા પાછળ રહેલી સરમુખત્યારશાહીને ઓળખી શકીએ તેટલા પ્રબુદ્ધ બનવાની જરૂર છે.

આપણું બંધારણ સર્વોત્તમ છે, પણ જેમ સાપ કાંચળી ઉતારી કાયાપલટ કરે તેમ સંવિધાનની પણ સમયાંતરે સાંપ્રત સ્થિતિને ધ્યાનમાં રાખી કાયાપલટ થવી જોઈએ એવું નથી લાગતું? ભારત આઝાદ થયું ત્યારે જે સ્થિતિ હતી, તેના ૭૫મા વર્ષે શું એ જ પરિસ્થિતિ છે? જો ના, તો પછી સંવિધાનમાં આગામી ભારત માટે કોઈ પરિવર્તન જરૂરી છે? હજી પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ અને અનામતની રમતો ક્યાં સુધી રમ્યા કરવાની? ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતને વિશ્વના ફલક પર અગ્રેસર કરી વિકસિત ભારત@૪૭નું સ્વપ્ન જોઈ રહ્યા છે. એમને જોયેલું વિઝન નાત-જાતના વાડાઓ જાતિવાદ, પ્રાંતવાદ અને ભ્રષ્ટાચારમાં સપડાયેલા ભારતમાં સાકાર કરવું અશક્ય તો નથી, પણ મુશ્કેલ જરૂર છે. દેશને એક તાંતણે બાંધી રાખે તેવા સક્ષમ નેતૃત્વની કાયમ માટે જરૂર પડી છે. સમયાંતરે એવા નેતાઓ મળતા રહે તે માટે વ્યક્તિપૂજાને છોડી વિચારધારાને અપનાવવાની જરૂર છે. આપણા દેશમાં વ્યક્તિને જલ્દીથી ભગવાન બનાવી દેવાની માનસિકતા છે. અહીં વિચારધારા હાંસિયામાં ધકેલાઈ જાય છે અને વ્યક્તિ મહાન બની જાય છે. પછી વ્યક્તિનાં પૂતળાં બને છે અને તેની પૂજા શરૂ થઈ જાય છે.

આપણે આધ્યાત્મિક પ્રજા તરીકે ઓળખાઈએ છીએ, અવતારવાદમાં માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે કોઈ ઉદ્ધારક આવશે અને આપણી સમસ્યાઓ ઉકેલશે. હવે કોઈ કૃષ્ણ કે કોઈ ગાંધી તમારો ઉદ્ધાર નહીં કરે, તમે જ તમારા ઉદ્ધારક બની શકો એવી સંભાવના સાથે જન્મ્યા છો. તો શા માટે ઘેટાંની જેમ તમને કોઈ દોરે તેની રાહ જોઈ રહ્યા છો? ગૌતમ બુદ્ધે કહેલું કે 'અપ્પ દીપો ભવઃ' એટલે કે તું જ તારો દીવો થા. આપણો દેશ સદીઓથી ચાલી આવતી વૈદિક સંસ્કૃતિ અને ઉપનિષદોની અનોખી સનાતન વિચારધારાથી રચાયેલો છે. ભારત ભૂમિ ફિનિક્સ પક્ષીની જેમ રાખમાંથી બેઠી થતી આવી છે.

### H1B વિઝા ધારકો માટે ખુશખબર

# અમેરિકા છોડ્યા વગર જ હવે રિન્યૂ થઈ શકશે વિઝા

## વિઝા એક્સપાયર થાય તો રિન્યૂ કરવા માટે અરજી કરવાની રહે છે : આવામાં વિઝાધારકોનો ઘણો સમય જતો રહે છે

વોશિંગ્ટન, તા. ૧

અમેરિકામાં રહેવા માટે વિઝા જરૂરી છે. H1B વિઝા અંગે હંમેશાથી માથાપચ્ચી રહેતી હોય છે. વિઝા એક્સપાયર થાય તો તે વિઝા રિન્યૂ કરવા માટે અરજી કરવાની રહે છે. આવામાં આ આખી પ્રોસેસમાં ૐ૧ૠ વિઝાધારકોનો ઘણો સમય જતો રહે છે. હવે H1B વિઝા સંલગ્ન એક મહત્વની જાણકારી સામે આવી છે. એક નવા પાયલટ પ્રોજેક્ટ મુજબ ૐ૧ૠ વિઝા રિન્યૂઅલ પ્રોસેસ હવે સરળ થવા જઈ રહી છે. અમેરિકામાં રહેતા ભારતીયો અને અન્ય દેશોમાંથી આવેલા લોકો હવે અમેરિકા છોડ્યા વગર જ પોતાના વિઝાના રિન્યૂઅલ માટે અરજી કરી શકે છે.

સ્પેશિયલ રિન્યૂઅલ ડ્રાઈવને પાંચ અઠવાડિયાના ટ્રાયલના આધારે શરૂ કરાઈ છે. જેમાં પ્રાથમિક તબક્કામાં ૨૦,૦૦૦ અરજીકર્તાઓ અરજી કરી શકશે. પાઈલટ ડ્રાઈવ માટે અરજી કરવા Us State Department ની વેબસાઈટ ભલે હાલ લાઈવ કરાઈ હોય પરંતુ તેના પર ૫ ફેબ્રુઆરી બાદથી જ અરજીઓ સ્વીકારવામાં આવશે.

આ મહિનાની શરૂઆતમાં State Department એ નવી પ્રોસેસ સંલગ્ન કેટલાક નિયમો શેર કરેલા છે. આ સમયગાળામાં ૨૦,૦૦૦ સુધી યોગ્ય લોકો ઘરેલુ સ્તર પર પોતાના એચવનબી વિઝા અપડેટ કરાવી શકે છે. એટલે કે તેમણે અમેરિકા છોડવાની જરૂર નહીં રહે. કેટલાક અરજીકર્તાઓની સંખ્યાને ભારત અને કેનેડાના વાણિજ્ય દૂતાવાસોમાં એચવનબી વિઝા લેનારાઓ વચ્ચે સમાન રીતે વિભાજિત કરવામાં આવશે.

અમેરિકામાં મોટી સંખ્યામાં ભારતીય વ્યવસાયિકો હાલ એચવનબી વિઝા પર અમેરિકામાં રહે છે. વિઝાનો સમયગાળો છ વર્ષનો છે અને તેના પૂરા થયા બાદ રન્યૂઅલ પહેલા એક અરજીકર્તાએ એક વર્ષ માટે અમેરિકાથી બહાર રહેવું પડતું હોય છે. નવો પાયલટ પ્રોજેક્ટ લગભગ બે દાયકા બાદ એચવનબી વિઝા રિન્યૂઅલ પ્રોસેસમાં જરૂરી ફેરફાર લાવી રહ્યો છે. USIC મુજબ ૨૦૨૨માં જારી કરાયેલા કુલ ૪.૪૧ લાખ એચવનબી વિઝામાંથી લગભગ ૭૨.૬ ટકા એટલે કે ૩.૨ લાખ વિઝા ભારતીયોને અપાયા હતા. એટલેકે આ ફેરફારનો મોટા પાયે ફાયદો ભારતીયોને થવાનો છે.

1B અને L1 વિઝા એ યુએસ એમ્પ્લોયરો અને યુએસમાં કામ કરતા વિદેશી વ્યાવસાયિકો માટે લોકપ્રિય વિઝા કેટેગરી છે, પરંતુ બે દાયકા પહેલા સ્ટેટસાઈડ રિન્યુઅલને બંધ કરવાથી નોંધપાત્ર પડકારો ઊભા થયા છે. યુ.એસ.ની બહાર મુસાફરી કરતી વખતે વિઝા ધારકોને લાંબા સમય સુધી પ્રક્રિયાના સમય અને નવીકરણ માટે વિક્ષેપકારક આંતરરાષ્ટ્રીય મુસાફરી સહન કરવાની ફરજ પડી હતી. આ વર્ષે જૂન મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન વ્હાઈટ હાઉસે H-1B વિઝાની અમુક કેટેગરીઓના સ્થાનિક નવીનીકરણ માટે પાઈલટ પ્રોગ્રામની જાહેરાત કર્યાના મહિનાઓ બાદ આ નિર્ણય લેવાયો છે.

H-1B ધારકોને યુએસની બહાર મુસાફરી કરવાને બદલે સ્ટેટ ડિપાર્ટમેન્ટને મેઈલ કરીને તેમના વિઝા રિન્યુ કરવાની મંજૂરી આપશે. પાછા ફરતા પહેલા અમેરિકન કોન્સ્યુલર ઓફિસમાં એપોઈન્ટમેન્ટ મેળવવા માટે અનિશ્ચિત રાહ સમયનો સામનો કરવો પડશે. એક વર્ષમાં મંજૂર કરાયેલા H-1B વિઝાના અંદાજિત ૭૫ ટકા ભારતના છે. જેઓને અમેઝોન, માઈક્રોસોફ્ટ, ગૂગલ અને ફેસબુક જેવી કેટલીક સૌથી મોટી યુએસ ટેક જાયન્ટ દ્વારા નોકરી પર રાખવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨ માં ૧.૨ મિલિયનથી વધુ ભારતીયોએ યુ.એસ.નો પ્રવાસ કર્યો છે. આમાં તમામ વિદ્યાર્થી વિઝા અરજદારોના ૨૦% અને ૐ અને ‒ રોજગાર આધારિત વિઝાના ૬૫%નો સમાવેશ થાય છે.

# રાજ્યના કુલ ૪૦ બ્રિજને નાના સમારકામની અને ૨૩ બ્રિજને મોટા સમારકામની જરૂર

## બે હેરિટેજ બ્રિજ પર ભારે વાહનો માટે પ્રતિબંધ લગાવાયો છે તો એક હેરિટેજ બ્રિજનું સમારકામ પ્રગતિમાં છે

અમદાવાદ, તા. ૧

આ હેરિટેજ બ્રિજ ૧૦૦ વર્ષથી વધુ જૂના છે. તો બે હેરિટેજ બ્રિજ પર ભારે વાહનો માટે પ્રતિબંધ લગાવાયો છે. તો એક હેરિટેજ બ્રિજનું સમારકામ પ્રગતિમાં છે. આ ઉપરાંત રાજ્યના કુલ ૪૦ બ્રિજને નાના સમારકામની અને ૨૩ બ્રિજને મોટા સમારકામની જરૂર છે. અમદાવાદના હેરિટેજ એલિસ બ્રિજના સમારકામ માટે પણ ટેન્ડર મંગાવાયા છે.રાજ્યના જર્જરિત બ્રિજ મામલે કોર્ટમાં સોગંદનામા સ્વરૂપે માહિતી રજૂ કરવામાં આવી હતી. કોર્ટમાં રજૂ કરાયેલ માહિતી મુજબ રાજ્યમાં કુલ ૮ હેરિટેજ બ્રિજમાંથી ૫ હેરિટેજ બ્રિજને બંધ કારાયા છે. આ હેરિટેજ બ્રિજ ૧૦૦ વર્ષથી વધુ જૂના છે. તો બે હેરિટેજ બ્રિજ પર ભારે વાહનો માટે પ્રતિબંધ લગાવાયો છે. તો એક હેરિટેજ બ્રિજનું સમારકામ પ્રગતિમાં છે.આ ઉપરાંત રાજ્યના કુલ ૪૦ બ્રિજને નાના સમારકામની અને ૨૩ બ્રિજને મોટા સમારકામની જરૂર છે. અમદાવાદના હેરિટેજ એલિસ બ્રિજના સમારકામ માટે પણ ટેન્ડર મંગાવાયા છે. તો બંધ પડેલા હાટકેશ્વર બ્રિજ મામલે બે વખત ટેન્ડર મંગાવવામાં આવ્યા પરંતુ કોઈએ રસ દાખવ્યો નહોતો. વડોદરાના કમાટીબાગ બ્રિજને પણ બંધ કરાયો છે. કમાટીબાગ બ્રિજની બાજુમાં નવા ફુટ ઓવર બ્રિજની કામગીરી પ્રગતિમાં છે. રાજકોટના જામનગર રોડ પર આવેલા સાંઢીયા બ્રિજને તોડીને નવા બ્રિજની કામગીરી માટેની પ્રક્રિયા ચાલુ છે.

### પોલીસ વિભાગમાં ક્લાસ ૩ પોસ્ટ માટે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે

# ગુજરાત સરકાર પોલીસ વિભાગમાં ૧૨ હજાર જગ્યાઓ ભરશે

અમદાવાદ, તા.૧

સરકાર ટુંક સમયમાં વિવિધ પદોની ૧૨ હજાર જગ્યાઓ પર સરકાર ભરતી કરશે. આ માટે સ્ટેન્ડિંગ કમિટીએ ૩૦ ઓકટોબરના રોજ ૧૨ હજારની ભરતીને મંજૂરી પણ આપી દીધી છે. હવે સ્ટેન્ડિંગ કમિટીએ રાજ્યના ગૃહ વિભાગને નિર્ણય સોંપ્યો છે. પોલીસ વિભાગમાં ક્લાસ ૩ પોસ્ટ માટે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે. પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવા મામલે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં સોગંદનામુ રજૂ કર્યું છે. ટુંક સમયમાં વિવિધ પદોની ૧૨ હજાર જગ્યાઓ પર સરકાર ભરતી કરશે. આ માટે સ્ટેન્ડિંગ કમિટીએ ૩૦ ઓકટોબરના રોજ ૧૨ હજારની ભરતીને મંજૂરી પણ આપી દીધી છે.

હવે સ્ટેન્ડિંગ કમિટીએ રાજ્યના ગૃહ વિભાગને નિર્ણય સોંપ્યો છે. પોલીસ વિભાગમાં ક્લાસ ૩ પોસ્ટ માટે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે.

બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ ૬૬૦૦, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ ૫૦૦, જેલ સિપાહી (પુરુષ) ૬૮૭, જેલ સિપાહી (મહિલા) ૫૭ જગ્યાઓ પર ભરતી કરાશે. આ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટીએ ૨૦૨૨માં બિનહથિયારી PSIની ૩૨૫ જગ્યા પર મંજૂરી આપી હતી. ૩૨૫ જગ્યાઓમાંથી ચાલુ નાણાકીય વર્ષે ૨૭૩ બિન હથિયારી PSIની સરકાર ભરતી કરશે.

### RTIના નામે તોડબાજી કરનારા શખ્સો સાવધાન

# RTIના નામે તોડબાજી કરતાં શખ્સો સામે મુખ્યમંત્રીનું કડક વલણ

ગાંધીનગર, તા.૧

RTI હેઠળ સામાન્ય નાગરિક સરકારના કોઈ પણ વિભાગ પાસેથી સામાન્ય ફોર્મ ભરીને માહિતી મેળવી શકે છે. RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ દ્વારા આરટીઆઈનો દુરઉપયોગ કરી ગાંધીનગરમાં શાળા સંચાકલોને બ્લેક મેઈલ કરી કરી પૈસા પડાવ્યા હોવાનું સામે આવતા આ મામલે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તોડબાજી કરતા શખ્સો સામે મુખ્યમંત્રી દ્વારા કડક વલણ અપનાવ્યું છે. તમામ મંત્રીઓને મુખ્યમંત્રીએ સૂચના આપી હતી કે આવા લોકો સામે પોલીસ ફરિયાદ કરવી. તેમજ આરટીઆઈ એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ સામે કાર્યવાહીની સૂચનાઆપી હતી. મહેન્દ્ર પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાતા સીઆઈડી ક્રાઈમે મહેન્દ્ર પટેલના ઘરે દરોડા પાડ્યા હતા.જેમાં મહેન્દ્ર પટેલે ૧૮ શાળાનાં સંચાલકોને ધમકાવી કરોડો રૂપિયા પડાવ્યા હોવાનો ખુલાસો થયો હતો. મહેન્દ્ર પટેલની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તા. ૨ ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. CID ક્રાઈમે દરોડા પાડીને ૧ કરોડથી વધુની રોકડ સહિત સોનાના દાગીના અને ૪૦૦ કરતા વધુ ફાઈલો મળી હતી. જે તમામ મુદ્દામાલને જપ્ત કરવામાં આવ્યો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે મહેન્દ્ર પટેલને વર્ષ ૧૯૯૫માં શાળાઓમાં બાળફિલ્મો બતાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. જે બાદ તેના શિક્ષણખાતામાં સંપર્કો વધતા તેનો દૂરપયોગ શરૂ કર્યો હતો. જો કે, આરોપી મહેન્દ્ર પટેલની ધરપકડ કરીને CID ક્રાઈમે રિમાન્ડ માટે કોર્ટ સમક્ષ હાજર કર્યો. જેમાં ૨ તારીખ સાંજે ૫ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કરાયા છે.

## શિક્ષણ વિભાગમાં આરટીઆઈ કરીને તોડબાજી કરતા મહેન્દ્ર પટેલની તાજેતરમાં કરાઈ છે ધરપકડ

ગાંધીનગરમાંથી RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ સામે ફરિયાદને લઈ જય અંબે વિદ્યાભવનના ટ્રસ્ટી પ્રવિણ ગજેરાએ પ્રતિક્રિયા આપી હતી. માહિતી આપતા કહ્યું કે, ૨૦૧૨થી ૨૦૧૭ સુધી અનેક શાળાઓને મહેન્દ્ર પટેલે નિશાન બનાવી. સાથે જ કહ્યું કે, થોડા થોડા કરીને મારી પાસેથી પણ ૬૬ લાખ રૂપિયા લીધા. જો કે, શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાને રજૂઆત કરવામાં આવી. જેના લીધે મદદ મળી.. મહેન્દ્ર પટેલના ષડયંત્રોનો ખુલાસો કરતા પ્રવિણ ગજેરાએ કહ્યું કે, મહેન્દ્ર નવી શાળાની મંજૂરી લઈ આપવાની સંચાલકોને ઓફર કરતો હતો. ત્યાર બાદ તમામ દસ્તાવેજો લઈ કોઈને કોઈ બહાને કામ અટકાવી પૈસા માગતો હતો. રાજયમાં સંખ્યાબંધ શાળાના સંચાલકો આ છેતરપિંડીમાં સપડાયા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મનુષ્યનો શત્રુ બહાર નથી, તેના મનમાં જ છે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.શહેરેવર-૧૩૯૩, મુ. રજ્જબ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, પોષ વદ-૬, તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૨૦, ચિત્રા નક્ષત્ર, ધૃતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૩૨, સૂ.અ.૬:૩૭

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), બપોરે ૨:૩૧ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
વૃષભ:મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થ જીવનમાં ચકમક ઝરે.
મિથુન:ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.
કર્ક: અગત્યના કાર્યોમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.
સિંહ: સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક મહત્વના પ્રશ્નોનો ઉકેલ મળે.
કન્યા: પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.
તુલા: પુરૂષાર્થ વધારવાથી કાર્ય સફળતા મળે. અકારણ ચિંતા રહે.
વૃશ્ચિક:વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.
ધન: પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.
મકર: સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
કુંભ: આવક કરતા જાવક વિશેષ રહે. મનમાં મુંઝવણ અનુભવાય.
મીન: આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા મળે.

### ક્રિકેટર મયંક અગ્રવાલ સાથે મોટી ઘટના ઘટી

# પાણી સમજીને એસિડ જેવો કોઈ પદાર્થ પી ગયો ધાકડ ભારતીય ક્રિકેટર

## મયંક અગ્રવાલને અગરતલાથી પાછા ફરતી વખતે ફ્લાઈટમાં ચડવા દરમિયાન અનેકવાર ઉલટીઓ થઈ

અગરતલા, તા.૧

ભારતીય ક્રિકેટર મયંક અગ્રવાલ સાથે મોટી ઘટના ઘટી ગઈ. તેને અગરતલાથી પાછા ફરતી વખતે ફ્લાઈટમાં ચડવા દરમિયાન અનેકવાર ઉલટીઓ થઈ. તે હાલ બરાબર બોલી શકતો નથી. તેના ચહેરા પર સોજા છે. વાત જાણે એમ છે કે કર્ણાટક ટીમના કેપ્ટન મયંક અગ્રવાલની તબિયત બગડ્યા બાદ અગરતલાની એક હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. તે રણજી મેચ રમીને અગરતલાથી પાછો ફરી રહ્યો હતો પરંતુ ફ્લાઈટમાં ચડતા જ અસહજ મહેસૂસ કરવા લાગ્યો હતો. બાદમાં ખબર પડી કે તેણે પાણી સમજીને એસિડ જેવો કોઈ પદાર્થ પી લીધો હતો. કર્ણાટકના અનુભવી ઓપનર અને કેપ્ટન મયંક અગ્રવાલ જ્યારે સોમવારે રણજી ટ્રોફીની મેચ રમીને અગરતલાથી પાછો ફરી રહ્યો હતો ત્યારે એરપોર્ટ પર ફ્લાઈટમાં ચડતી વખતે તેની તબિયત બગડી ગઈ. તેના મોંઢા અને ગળામાં તકલીફ થવા લાગી હતી. તેને તરત અગરતલાની હોસ્પિટલમાં દાખલ કરાયો. મયંકને હાલ જો કે કોઈ જોખમ નથી અને તેની સ્થિતિ પહેલા કરતા સારી છે. મળતી માહિતી મુજબ મયંકે પાણી સમજીને એક બોટલથી એસિડ જેવો કોઈ પદાર્થ પી લીધો હતો.

ઈન્ડિગો તરફથી બહાર પાડવામાં આવેલા એક નિવેદન મુજબ અગરતલાથી દિલ્હી માટે ઉડાણ ભરનારી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર ૬ઈ૫૧૭૭ એ વિમાનમાં એક ઈમરજન્સી મેડિકલ સ્થિતિને કરાણે મૂળ સ્થાન પર પાછા ફરવું પડ્યું. મુસાફરને ઉતારી દેવાયો અને આગળ ચિકિત્સા મદદ માટે હોસ્પિટલ લઈ જવાયો. વિમાને સાંજે ૪.૨૦ વાગે ફરીથી ઉડાણ ભરી હતી.

ત્રિપુરા ક્રિકેટ એસોસિએશનના કાર્યકારી સચિવ વાસુદેવ ચક્રવર્તીએ મયંક અંગે અપડેટ આપી છે. તેમણે કહ્યું કે મને ફોન આવ્યો કે મયંક અગ્રવાલને ઈમરજન્સીમાં દાખલ કરાયો છે. મયંકે એક બોટલમાંથી પાણી સમજીની કઈક પી લીધુ અને ત્યારબાદ તેને સોજા મહેસૂસ થયા. આ કઈક એસિડ જેવું હતું. હોસ્પિટલ પહોંચીને જોયું તો તેનો ચહેરો સૂજી ગયો હતો અને તે બોલી શકતો નહતો.

રિપોર્ટ મુજબ મયંકને અગરતલાથી બપોરે ૨.૩૦ વાગે ફ્લાઈટ પકડવાની હતી. તે ફ્લાઈટ બોર્ડ પણ કરી ચૂક્યો હતો. તે વખતે તેને ગળામાં કઈક સમસ્યા લાગી.ત્યારબાદ મયંકને ફ્લાઈટમાંથી નીચે ઉતારાયો અને હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લઈ જવાયો. તે આઈસીયુમાં દાખલ હતો. હાલ તે સારવાર હેઠળ છે. પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે. મયંકે હાલમાં ત્રિપુરા વિરુદ્ધ અગરતલામાં મેચ રમી. જે ૨૬ જાન્યુઆરીથી શરૂ થઈ હતી. આ મેચમાં મયંકે ૫૧ અને ૧૭ રન કર્યા હતા. તેની ટીમ કર્ણાટક ૨૯ રનથી જીતી હતી.

૩૨ વર્ષના મયંકે ભારત માટે ૨૧ ટેસ્ટ રમી છે. તે સોમવારે કર્ણાટક ટીમનો કેપ્ટન છે. હાલ તે આઉટ ઓફ ડેન્જર છે. કર્ણાટક રાજ્ય ક્રિકેટ સંઘ (કેએસસીએ)ના એક અધિકારીએ જણાવ્યું કે એક હોસ્પિટલમાં નિગરાણી હેઠળ છે અને ડોકટરો પાસેથી અપડેટ મળ્યા બાદ અમે તેને પાછા બેંગ્લુરૂ લઈ જઈશું.

# લઘુતમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઊંચકાતાં ઠંડીમાં આંશિક ઘટાડો : દિવસે સામાન્ય ગરમીનો અહેસાસ

અમદાવાદ,તા.૧

જાન્યુઆરી મહિનાના અંતમાં ઠંડીમાં ઘટાડો થયો બ્છે. છેલ્લા કેટલાક દિવસોથી ગાત્રો થીજવતી ઠંડી પડી રહી હતી. પરંતુ બે દિવસથી વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતુ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે. જ્યારે મહત્તમ તાપમાન ઉંચકાઈ રહ્યુ છે. પરિણામે દિવસે પણ ઠંડીનો અહેસાસ થતો હતો તેના બદલે બે દિવસથી બપોરે સામાન્ય ગરમી અનુભવાઈ રહી છે. લોકોને દિવસભર ગરમ વસ્ત્રો પહેરી રાખવાની ફરજ પડતી હતી. તેના બદલે હવે પંખા પણ ચાલુ કરવાની ફરજ પડી રહી છે. દિવસે ગરમી જેવો માહોલ રહેતાં તેની સીધી અસર રવિ પાકો ઉપર પડવાની ભીતિ ઉભી થઈ છે અને ઉત્પાદનમાં ઘટાડો થવાનો ભય પણ ઉભો થયો છે. તા.૨૦મી નવેમ્બરથી તા.૨૦મી ફેબ્રુઆરી સુધીનો શિયાળાનો સમયગાળો હોય છે. આ સમયગાળામાં તબક્કાવાર ઠંડીમાં વધારો થતો હોય છે અને ધીમે-ધીમે ઠંડી ઘટવા પણ માંડે છે. જો કે આ વર્ષે ડિસેમ્બર મહિનામાં રવી પાકોને માફકસર ઠંડી પડી ન હતી. પરંતુ જાન્યુઆરી મહિનાની શરૂઆતથી ઠંડીમાં વધારો થવા લાગ્યો હતો. આ મહિનામાં ઉત્તર ગુજરાતમાં કાતિલ ઠંડી અનુભવાઈ છે. આ મહિનાના મધ્યમાં તો લઘુત્તમ તાપમાન એક આંકડામાં પણ નોંધાયુ હતુ. પરંતુ જાન્યુઆરીના અંતમાં ઠંડી ઘટવા માંડી છે. ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં બે દિવસ સુધી સામાન્ય વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ રાત્રે અનુભવાતી કડકડતી ઠંડીમાં આંશિક ઘટાડો અનુભવાઈ રહ્યો છે. બીજી તરફ દિવસે બપોરના સમયે ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે. અચાનક લઘુત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઉચકાતાં અને મહત્તમ તાપમાનમાં વધારો થતાં દિવસે ઠંડી ગાયબ થઈ છે. ફેબ્રુઆરી મહિનામાં હજુ પણ લઘુત્તમ તાપમાન ઉચકાશે,પરિણામે રાત્રે ઠંડીનો અનુભવ થશે. પરંતુ દિવસે પણ લોકોને ગરમ વસ્ત્રો પહેરી રાખવા પડતા હતા તેમાંથી છૂટકારો મળશે. જો કે અચાનક ઠંડીમાં થયેલ ઘટાડાથી રવી પાકોને નુકસાન થવાનો ભય રહેલો છે. આ અંગે ખેડૂતોએ જણાવ્યુ હતુ કે, રવી પાકોને હજુ ઠંડીની જરૂર છે. બપોરના સમયે ગરમી જેવુ વાતાવરણ રહેતાં વરીયાળી, ચણા, બટાકા, દિવેલા, ઘઉં સહિતના પાકોને નુકસાન થઈ શકે છે. દિવસનું તાપમાન ઉચકાતાં આવા વાતાવરણમાં મોલો અને મસીનો ઉપદ્રવ પણ વધી શકે છે. મોલો અને મસી તૈયાર પાકના છોડ કે પાન ઉપર બેસે અને કોતરી ખાય તો ઉત્પાદનમાં ઘટાડો થવાનો પણ ભય રહેલો છે. વર્ષે અલનીનોની અસરને કારણે ઠંડી પડવાનો સમયગાળો ઘટયો છે.

# ઉનાળા પહેલા જ રાજ્યના જળાશયોના જળ સ્તરમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો



અમદાવાદ, તા.૧

આ વર્ષે ઉનાળામાં અંતરિયાળ ક્ષેત્રોમાં પાણીની સમસ્યા સર્જાય તેવા સંકેતો છે. ઉનાળાની શરૂઆત પણ નહી ને પાણીની પળોજણ શરૂ થઈ છે. જેમાં રાજ્યના ૨૦૬માંથી ૧૦૩ જળાશયમાં જળસ્તર અડધુ થયુ છે. તેમજ ગુજરાતના અડધા જળાશયોમાં જળસ્તર ૫૦%થી પણ ઓછુ છે. તેમજ ૧૫ જળાશયોમાં સ્તર ૧૦% થી પણ નીચું છે. કચ્છ-સૌરાષ્ટ્રના ૧૬૧ જળાશયોમાં ૫૦%થી ઓછુ પાણી છે. સરદાર સરોવર જળાશયમાં ૭૯% પાણીનો જથ્થો છે. તેમજ કચ્છના ૨૦ જળાશયોમાં માત્ર ૪૭% જ પાણીનો જથ્થો છે. તથા સૌરાષ્ટ્રમાં ૧૪૧ જળાશયમાં ૪૯% પાણીના જથ્થાનો સંગ્રહ છે. ઉત્તરના ૧૫ જળાશયમાં ૫૭% જળસંગ્રહ સાથે મધ્યના ૧૭ અને દક્ષિણના ૧૩ જળાશયોમાં ૮૨% જળસંગ્રહ છે. સૌરાષ્ટ્ર તરફ નર્મદાનું પાણી વહન કરતી મુખ્ય અને બ્રાન્ચ કેનાલોથી લઈને સૌની યોજના, તળાવો, ચેકડેમમાંથી બેફામપણે વર્ષોથી પાણીની ચોરીઓ થઈ રહી છે. જેના કારણે છેક જામનગર અને કચ્છ તરફ ખેડૂતોને સિંચાઈ અને શહેરોને પીવા માટેનું નર્મદાનું પાણી પુરતા ફોર્સથી મળી રહ્યુ નથી. આથી, ગુજરાત સરકારે પાંચ વર્ષ પૂર્વે વિધાનસભામાં ઘડેલા કાયદા હેઠળ પાસાનું હથિયાર ઉગમવા નિર્ણય કર્યો છે. ગૃહ વિભાગે પાણી ચોરનારાને પાસા હેઠળ જેલભેગા કરવા સર્વે જિલ્લા કલેકટરોને દરખાસ્તો તૈયાર કરીને મોકલી આપવા આદેશ કર્યો છે. ગુજરાત સરકારે પાણી વ્યવસ્થાપન ક્ષેત્ર રહેલા પડકારોને પહોંચી વળવા વર્ષ ૨૦૧૧માં અને ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં બે નવા કાયદા ઘડયા હતા. ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ- ૨૦૧૯ના નામે ઓળખાતા આ કાયદા હેઠળ નદીઓ, તળાવો, જળાશયો કે સિંચાઈ હેઠળ નેટવર્કની કેનાલો, પાઈપલાઈનો કે પછી ભૂર્ગભમાંથી ગેરકાયદેસર રીતે પાણી ખેંચરનારા તત્વોની સામે સખત કાર્યવાહી કરવા થયેલા આદેશો પાછળ સુરેન્દ્રનગર અને મોરબીમાં ઉદ્યોગો દ્વારા થઈ રહેલી બેફામપણે પાણી ચોરી તેમજ માથાભારે તત્વો દ્વારા પાણી ચોરી કરીને ખેડૂતોને વેચવાનો કાળો કારબોર કારણભૂત હોવાનું કહેવાય છે. ગૃહ વિભાગના ઉપસચિવ ધર્મેશ પરીખે આવી ચોરી અટકાવવા જિલ્લા મેજિસ્ટ્રેટ કમ કલેક્ટરોને એક પત્ર લખ્યો છે. જેમાં કહેવાયુ છે કે, સુરેન્દ્રનગરના મૂળી અને થાનગઢ તાલુકામાંથી પસાર થતી, મૂળી તાલુકામાં આવેલા પીવાના પાણીના સ્ત્રોતમાંથી વારંવાર પાણીની ચોરીઓ થઈ રહી છે. ચોરી કરીને પાણીનું વેચાણ પણ થઈ રહ્યાનું ધ્યાન આવ્યુ છે. આવી ચોરી અટકાવવા ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટને દરખાસ્ત મોકલવામાં આવે છે. જેને પોલીસ અધિક્ષકે મેજિસ્ટ્રેટ અર્થાત કલેકટર દ્વારા મોકલવાનો આગ્રહ ન સીધા જ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ તરફથી મળતી દરખાસ્તોને આધારે નિર્ણય લેવામાં આવે. જેથી પાણી ચોરનારા વ્યક્તિને સમાજ માટે ભયજનક ગણીને પાસા હેઠળ ઝડપથી કાર્યવાહી કરી શકાય.

# વડોદરા શહેરમાં હરણી તળાવ ખાતે બોટ દુર્ઘટના બાબતે વડોદરા મહાનગરપાલિકાની ઝાટકણી કાઢતી હાઈકોર્ટ, અહેવાલ રજૂ કરવા આદેશ



અમદાવાદ,તા.૧

વડોદરામાં હરણી તળાવ ઉપર બોટ ઊંધી લડી જવાથી બાર વિધાર્થીઓ અને બે શિક્ષિકાઓના મરણની ઘટના બાબતે થયેલી સુઓમોટો અરજીની આજે થયેલી સુનાવણી દરમ્યાન ચીફ જસ્ટીસની ખંડપીઠ દ્વારા વડોદરા મહાનગરપાલિકા (વીએમસી)ની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢવામાં આવી હતી અને આ બાબતે નોટિસ કાઢીને જવાબ રજૂ કરવા માટે આદેશ કર્યો હતો. આ ઉપરાંત હાઈકોર્ટે રાજ્યની તમામ જળાશયોમાં એડવેન્ચર સ્પોર્ટ્સ સિવાયની તમામ જગ્યાએ સુરક્ષા અને સાવધાની રાખવાની જે વાતો છે એ માત્ર કાગળ ઉપર છે કે ખરેખર અમલ થાય છે એનો એક્શન ટેકન રિપોર્ટ, કેટલી જગ્યાએ આવી છૂટ આપી છે અને ત્યાં કઈ રીતની વ્યવસ્થા છે તેની વિગતો પણ માગી હતી. અદાલતે એક સરકારી નીતિની જરૂરિયાત માટે હાકલ કરી હતી જે રાજ્યભરના તમામ જળ સંસ્થાઓને લાગુ થઈ શકે જેનો મનોરંજન હેતુ માટે ઉપયોગ કરવામાં આવે છે. “જો તમે નીતિ ઘડતા હોવ તો, જવાબદારી એ પ્રથમ પગલું છે. કોન્ટ્રાક્ટર કોન્ટ્રાક્ટર છે, પરંતુ જવાબદારી કોર્પોરેશનના અધિકારીની છે. ઉલ્લેખનીય છે કે આ કરૂણ દુર્ઘટના બાબતે હાઈકોર્ટ નાં વકીલમંડળની રજૂઆત બાદ આ અરજી દાખલ કરવામાં આવી હતી. તેની આજે સુનવણી ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂદ્ધ માયીની ખંડપીઠ સમક્ષર થઈ હતી. આ દરમ્યાન ચીફ જસ્ટિસ દ્વારા ટકોર કરાઈ હતી કે જ્યારે આપણી જોડે કંઈ થતું નથી ત્યારે આપણે બેદરકાર રહીએ છીએ. ખુદ પોતાનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે નળ સરોવરમાં જ્યારે બોટિંગ કરવા ગયા ત્યારે આ ઘટના પછી તેમને ખ્યાલ આવ્યો હતો કે એ લોકો પ્રાઈવેટ બોટ કે સરકાર દ્વારા ચાલતી ગવર્નમેન્ટની બોટમાં કોઈપણ પ્રકારની જીવન જરૂરી સુરક્ષાના સાધનો વગર ગયા હતા. સુઓમોટો અરજીમાં કોર્ટે કોર્ટ મિત્ર તરીકે બે વકીલોની નિમણૂક કરી છે. આજની સુનાવણીમાં રાજ્ય સરકાર વતી એડવોકેટ જનરલ ઉપસ્થિત થયા હતા. કોર્ટે જણાવ્યું હતું કે આઓમોટો સંદર્ભમાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર એફિડેવિટ ફાઈલ કરશે કે કોન્ટ્રેક્ટ કેવી રીતે અપાયો? એનું સુપરવાઈઝર કોઈ કરતું હતું કે કેમ? ખામીઓ ક્યાં રહી ગઈ? જેથી આવી ઘટના બને નહિ. ઉપરાંત કોર્ટે વળતર અંગે પણ પ્રશ્ન કર્યો હતો, જેના જવાબમાં કોર્ટ મિત્રએ જણાવ્યું હતું કે રાજ્ય અને કેન્દ્ર સરકારે વળતર આપ્યું છે, પરંતુ કોન્ટ્રેક્ટરે પણ વળતર આપવું જોઈએ. કોર્ટે કહ્યું હતું કે આ ઘટનામાં બે શિક્ષિકા પણ મૃત્યુ પામ્યાં છે, જેઓ પોતાના કુટુંબ માટે કમાનારાં સભ્ય હતાં. કેટલાંક બાળકો તેમનાં માતા-પિતાના એકના એક સંતાન હતાં, જેમનાં પણ મૃત્યુ થયાં છે. જ્યાં સુધી બાળકોનાં મૃત્યુનો સવાલ છે તો મોટર એક્સિડન્ટની જેમ એનો ક્લેઈમ કરવો જોઈએ. કોર્ટે જણાવ્યું હતું કે કોર્ટ તેના ઓર્ડરમાં કોર્પોરેશનનેનોટિસ આપશે અને રાજ્ય સરકાર આવી દરેક જગ્યાઓ માટે એક પોલિસી બનાવશે. રાજ્ય વોટર બોડીઝનો ચાર્ટ બનાવશે. એમાં અધિકારીઓની જવાબદારી નક્કી કરીને એનો ડિટેઈલ રિપોર્ટ મગાવીને કોર્ટ સમક્ષ રજૂ કરશે. લોકોને આનંદની સાથે આવાં સ્થળોએ સુરક્ષા પણ જરૂરી છે. સરકાર તરફથી કરાયેલી રજૂઆત મુજબ વચગાળાના પ્રાથમિક તપાસ રિપોર્ટ અનુસાર આ બોટનો કોન્ટ્રેક્ટ કોટિયા પ્રોજેક્ટ્સ નામની કંપની પાસે હતો. પોલીસ ફરિયાદમાં ૧૮ આરોપીનાં નામ નોંધવામાં આવ્યાં છે. ૧૪ લોકોની બેસવાની બોટની કેપેસિટીમાં ૩૦ જેટલા લોકોને લાઈફ જેકેટ વગર બેસાડવામાં આવ્યા હતા. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને જ આ કોન્ટ્રેક્ટરને કોન્ટ્રેક્ટ આપ્યો હતો. કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની જવાબદારી શું છે? આ વોટર બોડીઝની દેખભાળ રાખવાની જવાબદારી કોર્પોરેશન અંતર્ગત આવે તો તેણે જવાબદારી ક્યાં નિભાવી? જેના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે બે વખત કોન્ટ્રેક્ટરને સૂચના આપવામાં આવી હતી. આ બાબતે અદાલતે વીએમસી કમિશ્નરને જવાબ રજૂ કરવા આદેશ કર્યો હતો. હવે આ કેસની સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે.

# એટર્ની જનરલે માફી માંગી; હાઈકોર્ટના રજિસ્ટ્રારને હાજર થવા સુપ્રીમનો હુકમ

સુરત, તા.૧

સિટીલાઈટ ખાતે રહેતા અને રિયલ એસ્ટેટના ધંધા સાથે સંકળાયેલા અભિષેક ગોસ્વામીએ વેસુ પોલીસ મથકમાં તુષાર શાહ સહિત ૭ આરોપીઓ વિરૂદ્ધ પોલીસર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સુપ્રીમ કોર્ટ દ્વારા આગોતરા જામીન આપી દીધા હોવા છતાં પણ કોર્ટનો અનાદર કરી તુષાર શાહના રિમાન્ડ લઈને માર મારવાની ઘટનામાં સુપ્રિમ કોર્ટે ૨૯મી જાન્યુઆરીના રોજ કોર્ટ સમક્ષ હાજર રહેવાના આપેલા આદેશ સામે તમામ અધિકારીઓએ પોતાનો જવાબ રજૂ કરી દીધો છે. આ કેસની સુનાવણી જસ્ટિસ બી.આર. ગવઈ તથા સંદીપ મહેતાની કોર્ટમાં હાથ ધરવામાં આવી હતી. જેમાં એડિશનલ સોલિસિટર જનરલ તુષાર મહેતા, ભારતના એટર્ની જનરલે ઉપસ્થિત રહી ‘માફી માંગી હતી.’ પરંતુ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી. આર. ગવઈએ માફીનો ઈન્કાર કરી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વતી હાઈકોર્ટના ચીફ રજિસ્ટ્રારને આગામી બે સપ્તાહમાં સુપ્રીમ કોર્ટમાં હાજર થવાનો હુકમ કર્યો હતો. એમ સુરતના એડવોકેટ તથા સુપ્રીમ કોર્ટના એડવોકેટે જણાવ્યું હતું. વેસુમાં નોંધાયેલી પોલીસ ફરિયાદમાં વેસુ રાજહંસ સિનેમાની સામે ફલોરેન્સ બિલ્ડિંગમાં રહેતા તુષાર રજનીકાંત શાહે એડવોકેટ મારફતે સુપ્રીમ કોર્ટમાં એક આગોતરા જામીન અરજી રજૂ કરી હતી. જેમાં સુપ્રીમ કોર્ટના એડવોકેટની દલીલોને ગ્રાહ્ય રાખી આગોતરા જામીન મંજૂર કર્યા હતા. ત્યારબાદ ગત તા. ૧૨-૧૨-૨૩ના રોજ તુષાર શાહને વેસુના તત્કાલીન પીઆઈ રાવલે પોલીસ મથકમાં બોલાવી આખો દિવસ બેસાડી રાખી કોર્ટ સમક્ષ રિમાન્ડ માંગ્યા હતા. જેમાં ૩ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે. પાછળથી આ અંગેની કન્ટેન્ટ અરજીમાં સુપ્રીમ કોર્ટ ખફા થઈ હતી અને હુકમો જારી કર્યા હતા.

# અમેરિકાએ ૨૦૨૩માં ભારતીયોને રેકોર્ડબ્રેક ૧૪ લાખ વિઝા ઈશ્યૂ કર્યા



નવી દિલ્હી, તા.૧

ભારતમાં અમેરિકાની કોન્સ્યુલર ટીમે ૨૦૨૩માં રેકોર્ડ ૧૪ લાખ વિઝા ભારતીય નાગરિકોને ઈશ્યૂ કર્યા હતા, જે અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યા છે. આ સાથે વિઝિટર વિઝા એપોઈન્ટમેન્ટના વેઈટિંગ ટાઈમમાં ૭૫ ટકાનો ઘટાડો થયો છે. ભારતમાં અમેરિકી એમ્બેસી અને કોન્સ્યુલેટ્સે જણાવ્યું હતું કે, હવે વિશ્વભરના અમેરિકન વિઝા અરજદારોમાં ભારતીયોનું પ્રમાણ દર ૧૦ સામે એક થયું છે. એક નિવેદનમાં જણાવાયા મુજબ ૨૦૨૩માં ભારતમાં અમેરિકન એમ્બેસી અને કોન્સ્યુલેટ્સે વિક્રમ સંખ્યામાં ૧૪ લાખ વિઝા પ્રોસેસ કર્યા હતા. તમામ વિઝા કેટેગરીમાં અભૂતપૂર્વ માંગ રહી હતી. ૨૦૨૨ની સરખામણીએ અરજીઓમાં ૬૦ ટકાનો જંગી વધારો થયો હતો. અમેરિકાના વિઝિટર વિઝા (B1/B2)ની અરજીમાં ફરી ઉછાળો આવ્યો હતો. વિઝિટર વિઝાની આશરે સાત લાખ અરજીઓ થઈ હતી, જે યુએસ મિશનના ઈતિહાસમાં બીજા નંબરની સૌથી વધુ અરજીઓ છે. વિઝા પ્રોસેસમાં સુધારા અને સ્ટાફમાં વધારાને કારણે વિઝિટર વિઝા માટે એપોઈન્ટમેન્ટનો રાહ જોવાનો સમય સરેરાશ ૧૦૦૦ દિવસથી ઘટી સમગ્ર દેશમાં માત્ર ૨૫૦ દિવસ થયો છે. ભારતમાં અમેરિકન કોન્સ્યુલર ટીમે ૨૦૨૩માં ૧,૪૦,૦૦૦થી વધુ સ્ટુડન્ટ વિઝા જારી કર્યા હતાં, જે વિશ્વના અન્ય કોઈપણ દેશ કરતા વધુ છે. સ્ટુડન્ટ વિઝા જારી કરવામાં સતત ત્રીજા વર્ષે રેકોર્ડ બન્યો હતો. મુંબઈ, નવી દિલ્હી, હૈદરાબાદ અને ચેન્નાઈ વિશ્વની ટોચની ચાર સ્ટુડન્ટ વિઝા પ્રોસેસિંગ પોસ્ટ્સ બની છે. આનાથી ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાં આંતરરાષ્ટ્રીય સ્નાતક વિદ્યાર્થીઓનો સૌથી મોટો સમુદાય બની ગયા છે. યુએસ એમ્બેસી અને કોન્સ્યુલેટ્સે વધુમાં જણાવ્યું હતું કે, ‘એમ્પ્લોયમેન્ટ વિઝા’ ટોચની પ્રાથમિકતા છે. કોન્સ્યુલર ટીમ ઈન્ડિયાએ કાર્યક્ષમતા વધારવા ચેન્નાઈ અને હૈદરાબાદમાં મોટાભાગની પિટિશન-આધારિત વિઝા પ્રક્રિયા એકીકૃત કરી હતી, જેના કારણે ૨૦૨૩માં ભારતીયો અને તેમના પરિવારના સભ્યો માટે ૩,૮૦,૦૦૦ રોજગાર વિઝા પ્રોસેસ થયા હતા. અન્ય એક ગતિવિધિમાં આ વર્ષે એક પાયલોટ પ્રોગ્રામ હેઠળ પાત્રતા ધરાવતા H1B ધારકોને અમેરિકામાં જ તેમના વિઝા રિન્યૂ કરવાની મંજૂરી અપાશે.

# સંસદ ભવનમાં પ્રવેશવાના નિયમોમાં ફેરફાર કરાયા

નવી દિલ્હી, તા.૧

સંસદ ભવનમાં સુરક્ષાની ખામી સામે આવ્યા બાદ, સંસદના આગામી બજેટ સત્ર દરમ્યાન સંકુલમાં દર્શકોના પ્રવેશ માટે નવી વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. મુલાકાતીઓએ સંસદની મુલાકાત લેવા માટે પહેલા ઓનલાઈન અરજી કરવાની રહેશે અને તેની મંજૂરી મળ્યાં બાદ તેમના મોબાઈલ ફોન ઉપર એક QR કોડ આપવામાં આવશે. સંસદમાં પ્રવેશવા માંગતા દર્શકોએ મોબાઈલ ઉપર મળેલા QR કોડની પ્રિન્ટ આઉટ લઈને સંસદમાં જવું પડશે. QR કોડની પ્રિન્ટની સાથેસાથે આધાર કાર્ડ પણ સાથે લાવવાનું રહેશે. સંસદમાં પહોંચ્યા પછી, પહેલા QR કોડને મંજૂરી આપવી પડશે. આ તમામની તપાસ પ્રકીયા પૂર્ણ કર્યા બાદ રિસેપ્શનમાં દર્શકોના બાયોમેટ્રિક્સ લેવામાં આવશે અને ફોટોગ્રાફસ લેવામાં આવશે. આ પછી મુલાકાતીઓને વિઝિટર ગેલેરી માટે સ્માર્ટ કાર્ડ આપવામાં આવશે. આ પછી, લોકોએ વ્યુઈંગ ગેલેરીમાં પ્રવેશવા માટે સ્માર્ટ કાર્ડને ટેપ કરવું પડશે, તે પછી જ બેરીકેડ ખુલશે. દર્શકોએ સંસદમાંથી પરત ફરતા પહેલા સ્માર્ટ કાર્ડ પરત કરવાના રહેશે. જો કોઈ વ્યક્તિ સ્માર્ટ કાર્ડ સબમિટ નહીં કરે તો તે મુલાકાતીને બ્લેકલિસ્ટ કરવામાં આવશે અને ભવિષ્યમાં તેને ક્યારેય સંસદ સંકુલમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. સાંસદોને તેમના મુલાકાતીઓના પાસ માટે ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉ અરજી કરવાનું કહેવામાં આવ્યું છે જેથી કરીને પોલીસ વેરિફિકેશન થઈ શકે.

# ‘મુશ્કેલ છે પરંતુ હજુ પણ તે એક સ્વપ્ન છે’ : ભારતીય વિદ્યાર્થીઓ બે વર્ષના નવા કેપના નિયમ છતાં કેનેડાની યોજનાઓ બનાવી રહ્યા છે

**ભારતીય વિદ્યાર્થીઓ માને છે કે, કેનેડામાં હાઉસિંગ કટોકટી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દ્વારા ઊભી થઈ નથી અને તેઓ ઈચ્છે છે કે, કેનેડાની સરકાર આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધારાને દૂર કરે**

નવી દિલ્હી, તા.૧

આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના પ્રવેશ ઉપર બે વર્ષની મર્યાદા મૂકવાના કેનેડાના નિર્ણય ઉપર આઘાત વ્યકત કરતા ભારતીયોએ કહ્યું છે કે, તેઓ તેમના સપનાને છોડવા તૈયાર નથી. કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઝડપથી વધારો થવાથી હાઉસિંગ કટોકટી ઊભી થઈ છે અને આરોગ્ય સંભાળ અને અન્ય સેવાઓ ઉપર દબાણ આવ્યું છે. ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ બે વર્ષની મર્યાદા સાથે કેનેડિયન સરકાર એ સુનિશ્ચિત કરવા માંગે છે કે, આવી સમસ્યાઓનું નિરાકરણ પાયાના સ્તરેથી કરવામાં આવે. સત્તાવાર જાહેરાત મુજબ, કેનેડિયન સરકાર બે વર્ષ માટે નવી વૃદ્ધિને સ્થિર કરવા માટે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી પરમિટ અરજીઓ ઉપર ઈન્ટેક કેપ નક્કી કરશે. ૨૦૨૪ માટે કેપને કારણે અંદાજે ૩,૬૦,૦૦૦ મંજૂર અભ્યાસ પરમિટ મળવાની ધારણા છે, જે ૨૦૨૩ કરતાં ૩૫ ટકાનો ઘટાડો છે. જો કે, કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓએ સરકાર ઉપર આરોપ લગાવ્યો હતો કે, તેઓ છેલ્લા કેટલાક સમયથી કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે રહેણાંક મકાનોની સમસ્યા, આરોગ્ય સુવિધાઓ, નિમ્ન-ગુણવત્તાની સુવિધાઓ અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં ઉચ્ચ ટ્યુશન ફી, ભારતીય ઈમિગ્રન્ટ્સ અને કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ઉપર ભારતકેનેડા રાજદ્વારી તણાવની નકારાત્મક અસર વગેરેની અસર થઈ છે અને અમે તેની સામે અમારો અવાજ ઉઠાવી રહ્યા છીએ. કેનેડાના વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, હાઉસિંગ કટોકટી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને કારણે નથી પરંતુ રિયલ એસ્ટેટ માર્કેટમાં વધુ નફો ઈચ્છતા વ્યવસાયોની ઈજારાશાહીને કારણે છે. ફુગાવાના કારણે રહેણાંક મકાનોના ભાડા વધી રહ્યા છે અને તે નવા ઈમિગ્રન્ટ્સ અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની પહોંચની બહાર બની રહ્યા છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને સ્થાનિક વિદ્યાર્થીઓની તુલનામાં સમાન આરોગ્ય સુવિધાઓ મળતી નથી, જેના કારણે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ બીમાર પડે છે અથવા મૃત્યુ પામે છે, ત્યારે કેનેડાની આરોગ્ય પ્રણાલી ઉપર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે. કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓ ઈચ્છે છે કે, સરકાર રોજિંદી જરૂરિયાતોની વધતી કિંમતો ઉપર ધ્યાન આપે. કરિયાણા, દૈનિક સુવિધાઓ, ભાડું વગેરેની કિંમતો વધી રહી છે, પરંતુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને આપવામાં આવતા પગાર સમાન રહ્યા છે. કેનેડાની સરકારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને કેનેડામાં સંઘર્ષ ન કરવો પડે તેની ખાતરી કરવા માટે ગેરંટીડ ઈન્વેસ્ટમેન્ટ સર્ટિફિકેટ (GIC)ની રકમમાં વધારો કર્યો છે, પરંતુ તેઓએ પગાર વધારવાનું વિચાર્યું નથી. GICએ કેનેડિયન બેંકો દ્વારા વળતરની બાંહેધરીકૃત દર સાથે ઓફર કરાયેલ એક વર્ષ માટે ટૂંકા ગાળાનું રોકાણ છે. અગાઉ GICyu CAN$10,000 હતું, જે હવે વધારીને CAN$20,635 કરવામાં આવ્યું છે. યોર્ક યુનિવર્સિટીમાંથી ડિજિટલ અને કન્ટેન્ટ માર્કેટિંગમાં PGD કરી રહેલા શિલ્પા પ્રદીપે કહ્યુ કે, જેઓ કેનેડા જવાનું સપનું જુએ છે તેઓ માત્ર સમૃદ્ધ પરિવારના લોકો જ નથી પરંતુ મધ્યમ અને નીચલા-મધ્યમ વર્ગના ભારતીયો પણ છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પરની નવી મર્યાદા સાથે આ રકમ લગભગ બમણી થઈ ગઈ છે અને હવે તે વિદ્યાર્થીઓ માટે તેમના સ્વપ્નને પ્રાપ્ત કરવું લગભગ અશક્ય લાગે છે. કેનેડિયન અર્થતંત્ર એક વૈવિધ્યસભર મિશ્રણ છે જેના ઉપર હવે નકારાત્મક અસર થશે. ઘણા રિટેલ વર્ક, દુકાનો, હોસ્પિટાલિટી અને અન્ય કેટલાક ક્ષેત્રો મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દ્વારા ચલાવવામાં આવે છે અને આ ઉદ્યોગોને પણ ભારે ફટકો પડશે. નિષ્ણાંતો પણ માને છે કે, આવા ફેરફારો સંસાધનોને સાચવવામાં મદદ કરી શકે છે પરંતુ વિવિધ વિદ્યાર્થીઓની વસ્તી અને કર્મચારીઓ ઉપર નકારાત્મક અસર કરી શકે છે.

# જૂનાગઢના સામાજીક કાર્યકર્તા અને વાત્સલ્યમ સમાચારના બ્યુરો ચીફ ભરતભાઈ બોરીચાનો આજે જન્મદિવસ

જૂનાગઢ, તા.૧

સામાજીક કાર્યકર્તા અને વાત્સલ્યમ્ સમાચારના જીલ્લા બ્યુરો ચીફ એવા ભરતભાઈ બોરીચાનો આજે જન્મ દિવસ છે. ભરતભાઈ બોરીચા પત્રકારત્વની સાથે સાથે ભરતભાઈ સામાજીક ક્ષેત્રે પણ હમેંશા કાર્યશીલ રહેશે, જેમાં કોરોના દરમ્યાન ભરતભાઈએ હોસ્પિટલો તથા જેનું સંપૂર્ણ પરીવાર કોરોનામાં સપડાયું હતું, તેવા પરિવારો તથા દર્દીઓ માટે ટિફિનની વ્યવસ્થા કરેલ, તેમજ લંપી વાયરસ દરમિયાન ગાયોની સારવાર કરેલ, અને તૌઉતે વાવાજોડા તથા જૂનાગઢમાં આવેલ પુર હોનારત દરમ્યાન ફૂડ પેકેટો વિતરણ સહિત મકરસંક્રાંતિ દરમિયાન ઘાયલ પક્ષીઓની સારવાર કરાવેલ, તથા ભરતભાઈ એક પ્રકૃતિપ્રેમી હોવાથી હમેંશા પ્રકૃત્તિ માટે અનેક પ્રવૃત્તિ કરતા રહેશે.

જેમાં છેલ્લા અઢી વર્ષથી દર રવિવારે ગિરનારના જંગલોમાં પ્લાસ્ટિક મુક્તિ અભિયાનો ચલાવે છે, જેમાં અત્યાર સુધીમાં ૨૦ ટન જેટલાં પ્લાસ્ટિકનો નિકાલ કરવાની સાથે ભરતભાઈ દ્વારા વૃક્ષારોપણના કાર્યક્રમો કરી હજારો વૃક્ષો વાવી તેને ઉછેરવાની કામગીરીની સાથે જૂનાગઢ શહેરમાં ૨૪૦૦૦ તુલસીના રોપા વિતરણ કરવામાં આવ્યા છે.



ત્યારે સામાજીક ક્ષેત્રે આગવી છાપ ધરાવનાર અને પ્રિન્ટ મિડિયાના માધ્યમ થકી સત્યની કલમ હાથમા લઈ વણ ઉકેલ પ્રશ્નો કે બનતી ઘટનાને પ્રજા વચ્ચે લાવવામાં નિપુણ હોવાથી આજુબાજુના ગામડાના યુવાવર્ગમાં સારૂ એવું વર્ચસ્વ ધરાવે છે, જૂનાગઢ પ્રેસ-મિડિયા અને સામાજિક કાર્યકર તેમજ વિશ્વાસું વ્યક્તિની છાપ ધરાવતા અને સત્યની રાહ પર ચાલતા હોય, જેથી ભરતભાઈ બોરીચાનું બહોળું મિત્ર સર્કલ હોવાથી ભરતભાઈ બોરીચાના આજના જન્મદિવસે તેમના વોટસઅપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ તેમજ મોબાઈલ નં.૯૨૭૬૮૧૭૨૧૮ ઉપર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# ભારતીય મૂળનાં દંપત્તી સામે યુકેમાં કોકેઈન સ્મગલિંગનો ગુનો સાબિત

## હાલમાં પતિ-પત્ની યુકેમાં હેનવેલ ખાતે રહે છે, તેમણે ઓસ્ટ્રેલિયામાં ૫૧૪ કિલો કોકેઈન પહોંચાડ્યું હોવાનો આરોપ સાબિત થઈ ગયો છે, યુકેથી ગુજરાતમાં કેશોદ પાસે ડબલ મર્ડર કરાવ્યા હતા

લંડન, તા.૧

યુકેમાં બેઠા બેઠા ગુજરાતમાં ડબલ મર્ડર કરાવનાર ભારતીય મૂળના કપલ આરતી ધીર અને કંવલજિત રાયજાદા સામે યુકેમાં કોકેઈનના સ્મલગિંગનો ગુનો સાબિત થયો છે. ભારત સરકારે મર્ડર કેસમાં આ પતિ-પત્નીનો કબ્જો સોંપી દેવા યુકેને વિનંતી કરી હતી, પરંતુ કોર્ટે અરજી નકારી કાઢી હતી. આ દરમિયાન આરતી અને કંવલ સામે લંડનથી સિડનીની કોમર્શિયલ ફ્લાઈટમાં ૫૭ મિલિયન ડોલરના કોકેઈનનું સ્મગલિંગ કરવાનો ગુનો સાબિત થયો છે. ૫૯ વર્ષની આરતી ધીર મૂળ નૈરોબીમાં જન્મેલી બ્રિટિશ ઈન્ડિયન છે જેનો પરિવાર પંજાબના ગુરદાસપૂરનો છે. જ્યારે તેનો ૩૫ વર્ષીય પતિ કંવલજિત સિંહ રાયજાદા મૂળ ગુજરાતના કેશોદનો છે. વર્ષ ૨૦૧૭માં તેમણે ગોપાલ સેજાણી નામના ૧૨ વર્ષીય છોકરા પર હુમલો કરાવ્યો હતો જેમાં છોકરાનો બનેવી તેને બચાવવા માટે વચ્ચે પડતા તેને પણ છરીના ઘા મારવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન બંને વ્યક્તિના મોત નિપજ્યા હતા. પરંતુ ભારત સરકાર મુખ્ય આરોપીઓ આરતી ધીર અને તેના પતિ કંવલ રાયજાદાને યુકેથી અહીં લાવી શકી નથી. હાલમાં પતિ-પત્ની યુકેમાં હેનવેલ ખાતે રહે છે. તેમણે ઓસ્ટ્રેલિયામાં ૫૧૪ કિલો કોકેઈન પહોંચાડ્યું હોવાનો આરોપ સાબિત થઈ ગયો છે. આ દંપતી એક ફ્રન્ટ કંપની ચલાવતું હતું અને તેની આડમાં વિદેશમાં કેફી પદાર્થો મોકલવામાં આવતા હતા. ઓસ્ટ્રેલિયન બોર્ડર પોલીસે મે ૨૦૨૧માં કોકેઈનનો જથ્થો શોધી કાઢ્યા બાદ તપાસમાં પગેરું આ કપલ સુધી પહોંચ્યું હતું અને તેમની ધરપકડ કરવામાં આવી હતી.



પોલીસનો આરોપ છે કે આરતી ધીર અને તેનો પતિ ઉપરછલ્લી રીતે વાઈફલાય ફ્રેઈટ સર્વિસ કંપની ચલાવતા હતા, પરંતુ વાસ્તવમાં તેમનો ધંધો ડ્રગ્સના સ્મગલિંગનો હતો. ઓથોરિટીએ કોકેઈનનો જથ્થો પકડ્યો ત્યારે તેના પર રાયજાદાની ફિંગર પ્રિન્ટ્સ મળી આવી હતી. આરતી ધીર અને રાયજાદા એક સમયે લંડનના હિથ્રો એરપોર્ટ પર એક ફ્લાઈટ સર્વિસ કંપનીમાં કામ કરતા હતા. તેથીતેમને એરપોર્ટ ફ્રેઈટ કેવી રીતે હેન્ડલ થાય છે તેની આખી પ્રક્રિયા ખબર હતી અને તેનો ઉપયોગ તેમણે પોતાની ક્રિમિનલ પ્રવૃત્તિમાં કર્યો હતો. ૮ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ ગુજરાતમાં કેશોદ ખાતે બે ૧૨ વર્ષના છોકરા ગોપાલ સેજાણી અને તેના બનેવી હરસુખભાઈ છગનભાઈ કરદાણીની હત્યા કરવામાં આવી હતી જેમાં હત્યારા તરીકે નિતિશ મુંડનું નામ ખુલ્યું હતું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આરતી ધીર અને તેના પતિ રાયજાદાએ મળીને આ હત્યા કરાવી હતી. આરતીએ ૨૦૧૫માં ગોપાલ સેજાણીને દત્તક લીધો હતો. તેણે ગોપાલના નામે યુકેમાં ૧.૨૦ કરોડનો વીમો ઉતરાવ્યો હતો અને પછી ક્લેમ મંજૂર કરાવવા માટે ગુજરાતમાં તેની હત્યા કરાવી નાખી હતી. હુમલાનો ભોગ બનનાર બંને વ્યક્તિ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા. આરતી ધીર અને તેના પતિ રાયજાદાએ હત્યારાઓને ભાડે રાખવા માટે નીતિશ મુંડને પાંચ લાખ રૂપિયાની સોપારી આપી હોવાનું કહેવાય છે.

ભારતે આ કપલને પ્રત્યાર્પણથી સોંપવા માટે ૨૦૧૯માં યુકે સરકારને વિનંતી કરી હતી. પરંતુ કોર્ટે એમ કહીને વિનંતી ફગાવી દીધી હતી કે ગુજરાતમાં તેમને આજીવન કેદની સજા કરવામાં આવશે તો તેઓ વહેલા છુટી નહીં શકે. ભારત સરકારે યુકેને ઈમેઈલ કરીને એમ પણ જણાવ્યું હતું કે ધીર અને રાયજાદા અમુક વર્ષ પછી સજા માફી માટે અરજી કરી શકશે. છતાં યુકેએ ભારતની વાત માન્ય રાખી ન હતી. હવે તેઓ ડ્રગ સ્મગલિંગના કેસમાં ગુનેગાર સાબિત થયા છે. મર્ડર કેસ ચાલતો હતો ત્યારે યુકેના એક્સપર્ટ જૂનાગઢની જેલ જોવા આવ્યા હતા જેથી જેલની સ્થિતિ જોઈને નક્કી કરી શકાય કે બંનેને ભારત ડિપોર્ટ કરવા કે નહીં.

## જૂનાગઢની શ્રીમતિ આર.એસ. કાલરીયા પ્રાયમરી સ્કુલના

# અંગ્રેજી માધ્યમના બાળકો ખેલ મહાકુંભ અંતર્ગત શહેર જીલ્લા કક્ષાએ બાળ પ્રતિભા શોધમાં ઝળકયા

જૂનાગઢ તા. ૧

ગુજરાત સરકાર પ્રેરીત ખેલ મહાકુંભ અને બાળ પ્રતિભા શોધ અંતર્ગત જૂનાગઢ જીલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ-૨૦૨૪ અંતર્ગત તા.૨૦-૧-૨૪ ના રોજ ગિરનાર પબ્લીક સ્કુલ જૂનાગઢ ખાતે યોજાયેલ હતી. જેમાં વિવિધ સ્પર્ધાઓમાં પટેલ કેળવણી મંડળની શ્રીમતિ આર.એસ. કાલરીયા પ્રાયમરી સ્કુલના બાળકો વિવિધ સ્પર્ધાઓમાં ઝળકયા છે. જેમાં વકતૃત્ય સ્પર્ધા એ-કેટેગરીમાં દ્વિતીય સ્થાને પ્રાંજલ એચ. ભટ્ટ, તૃતિય સ્થાને કેનીશા એચ. સોંદરવા, નિબંધ સ્પર્ધામાં એ-કેટેગરીમાં દ્વિતીય સ્થાને પ્રાજકતાબા પી. વાઘેલા, તૃતિય સ્થાને પ્રાંશુ જે. ચટ્ટ, સર્જનાત્મક કાર્ય એ-કેટેગરીમાં પ્રથમ સ્થાને ખુશી એન.લાલચેતા, બી-કેટેગરીમાં પ્રથમ સ્થાને નેમત ઝેડ. ગબલ અને તૃતિય સ્થાને નિયતી વી. બારૈયા, ચિત્રકલા એ કેટેગરીમાં પ્રથમ સ્થાને કૃપા વી. લાખાણી, તૃતિય સ્થાને જીયા આર. ડેડાણીયા, સમુહગાન ઓપન કેટેગરીમાં પ્રથમ સ્થાન નવ્યા રાઠોડ અને તેનું ગ્રુપ, લગ્ન ગીત બી કેટેગરીમાં તૃતિય સ્થાને કાવ્યા ટી. હીરપરા, લોકવાર્તા ઓપન કેટેગરીમાં તૃતિય સ્થાને ચાર્વી વી. તળાવીયા, લોકગીત ઓપન કેટેગરીમાં તૃતિય સ્થાને રૂત્વી આર. રૂપારેલીયા, એકપાત્રિય અભિનય એ-કેટેગરીમાં તૃતિય સ્થાને ચેષ્ટા એમ. ત્રાંબડીયા, બી-કેટેગરીમાં પ્રથમ સ્થાને આંશી યુ. વસાવડા, તૃતિય સ્થાને માહી એ.અઘેરા આવેલા છે.

આ તમામ વિજેતાઓને સંસ્થાના પ્રમુખ સી.એ. સવજીભાઈ મેનપરા, વાઈસ મેનેજીંગ ટ્રસ્ટી રતીભાઈ મારડીયા, મંત્રી શિરીષભાઈ સાપરીયા, કિશોરભાઈ મેંદપરા, એકેડેમીક ઈન્ચાર્જ ડો.પી.આર. ગોધાણી તેમજ સંસ્થાના તમામ હોદેદારો, પ્રિન્સીપાલ તેમજ સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓએ મેળવેલ સિધ્ધી બદલ તેઓને બિરદાવેલ હતા તેમજ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

# ઉના: ખોવાયેલા મોબાઈલ મુળ માલિકને પરત અપાવ્યા



ઉના તા. ૧

ઊના શહેર અને તાલુકામાં છેલ્લા ઘણા સમયથી લોકોના મોબાઈલ ફોન પડી જવાના ગુમ થવાના અને ખોવાઈ ગયાની પોલીસમાં અરજીઓ આવી હતી. જેના આધારે ઊના પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ પીઆઇ એસ.એમ. ઈસરાણીના માર્ગદર્શન હેઠળ સરવલન્સ સ્કવોડના પી.એસ.આઇ. સી.બી. જાડેજા, વુમન પી.એસ.આઇ. આર.એસ.સુવા, પી.એસ.આઇ. આર.પી.જાદવ, એ.એસ.આઇ. જગદીશ એલ. વાઘેલા, નલીન સોલંકી, રાહુલભાઈ છેલાના, દર્શીત પરમારએ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી કુલ ૭ મોબાઈલ ફોન રૂા.૧લાખ ૩૫ હજાર ૯૦૧ના શોધી આપી મૂળ માલિકને પરત આપાવી પ્રસંશનીય કામગીરી કરી હતી.

# રાજસ્થાનની સરકારી શાળામાં હિજાબ પર પ્રતિબંધથી વિવાદ

જયપુર, તા. ૧

કર્ણાટકમાં બે વર્ષ પહેલા હિજાબને લઈને વિવાદ સર્જાયો હતો. હવે બે વર્ષ બાદ એવો જ વિવાદ શરૂ થયો હતો. કર્ણાટકમાં ચૂંટણી પહેલા કોલેજોમાં હિજાબ પહેરવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, ત્યારબાદ તેના પર ભારે રાજનીતિ થઈ હતી અને મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. હવે રાજસ્થાનમાં હિજાબ વિવાદે પણ દસ્તક આપી છે જ્યાં રાજધાની જયપુરની એક સરકારી શાળામાં ૨૬ જાન્યુઆરીએ એક કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓ દ્વારા હિજાબ પહેરવા સામે ભાજપના ધારાસભ્ય બાલમુકુંદ આચાર્યએ કથિત રીતે વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ આ ચર્ચા શરૂ થઈ હતી કે શું શાળાઓમાં બધાએ સમાન ડ્રેસ કોડનું પાલન કરવું જોઈએ અને શાળાઓમાં હિજાબ પર પ્રતિબંધ મૂકવો જોઈએ કે નહિ. હિજાબ વિવાદને લઈને ભાજપના ધારાસભ્ય બાલમુકુંદ આચાર્ય સામે મુસ્લિમ વિદ્યાર્થિનીઓએ કરેલા વિરોધ બાદ ભજનલાલ સરકારના પ્રધાન ડો.કિરોડીલાલ મીણાએ પણ આ ઘટનામાં ધારાસભ્ય આચાર્યની દલીલને સમર્થન આપ્યું હતું. શિક્ષણ પ્રધાન મદન દિલાવરે પણ આ અંગે શિક્ષણ વિભાગ પાસેથી રિપોર્ટ માંગ્યો છે કે કયા કયા રાજ્યોમાં હિજાબ પર પ્રતિબંધ છે. કેબિનેટ પ્રધાન ડો.કિરોડીલાલ મીણાએ પણ હિજાબ અને બુરખા પર પ્રતિબંધ લગાવવાની ભલામણ કરી છે. તેમણે તો ત્યાં સુધી કહ્યું કે ઘણા મુસ્લિમ દેશો છે જ્યાં હિજાબ પર પ્રતિબંધ છે, તો ભારતમાં હિજાબ કેમ પહેરવામાં આવે છે. અહીં પણ અન્ય દેશોની જેમ બુરખા અને હિજાબ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. તેમજ તમામ શાળાઓમાં યુનિફોર્મ ડ્રેસ કોડ હોવો જોઈએ.જયપુરમાં હિજાબને લઈને સર્જાયેલા વિવાદ બાદ સોમવારે મુસ્લિમ વિદ્યાર્થિનીઓએ સુભાષ ચોક પોલીસ સ્ટેશનને ઘેરી લીધું અને જોરદાર પ્રદર્શન કર્યું. આ દરમિયાન તેમના પરિવારના સભ્યો અને અન્ય મુસ્લિમ સમુદાયના લોકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પ્રદર્શન બાદ પોલીસ પ્રશાસને આ ઘટનામાં વિદ્યાર્થીનીઓને આશ્વાસન આપ્યું હતું. જો કે સ્કૂલની વિદ્યાર્થિનીઓની માંગ છે કે હવામહેલના ધારાસભ્ય બાલમુકુંદ આચાર્યએ આ મામલે માફી માંગવી જોઈએ. વિદ્યાર્થીઓનો આરોપ છે કે તેમની શાળાના વાર્ષિક કાર્યક્રમમાં આવેલા ધારાસભ્યએ તેમની સાથે હિજાબ વિશે વાત કરી હતી. આ સાથે જ તેઓએ ધાર્મિક નારા પણ લગાવ્યા હતા. તેણી આ સહન કરશે નહીં. બાદમાં આ ઘટના વિશે નિવેદન આપતાં ધારાસભ્ય બાલમુકુંદ આચાર્યએ કહ્યું હતું કે તેમણે શાળામાં બે પ્રકારના વિદ્યાર્થીઓ જોયા એક હિજાબમાં અને બીજી હિજાબ વગર. એટલે તેમને એવી દલીલ કરી હતી કે જો શાળાનો ડ્રેસ કોડ નિશ્ચિત હોય તો બાળકોએતેનું પાલન કરવું જોઈએ.

# મંદિરમાં બિન હિન્દુઓને પ્રવેશ પર મદ્રાસ હાઈકોર્ટે લગાવી પાબંદી

મદુરાઈ, તા.૧

મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ સરકારના હિંદુ ધર્મ અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ વિભાગને તમામ હિંદુ મંદિરોમાં બોર્ડ લગાવવા માટે નિર્દેશ આપ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે મંદિરોમાં કોડીમારામ (ધ્વજસ્તંભ) વિસ્તારની બહાર બિન-હિન્દુઓને મંજૂરી નથી. કોર્ટે કહ્યું હતું કે હિંદુઓને પણ તેમના ધર્મને માનવા અને તેનું પાલન કરવાનો અધિકાર છે. હાઈકોર્ટની મદુરાઈ બેંચના જસ્ટિસ એસ શ્રીમતિએ ડી. સેંથિલ કુમારની અરજી પર સુનાવણી કરતા આ નિર્ણય આપ્યો હતો. સેંથિલ કુમારે ઉત્તરદાતાઓને અરુલમિગુ પલાની ધનાદયુથપાની સ્વામી મંદિર અને તેના પેટા મંદિરોમાં માત્ર હિંદુઓને જ પ્રવેશવાની મંજૂરી આપવાના નિર્દેશની માંગ કરી હતી. તેમણે મંદિરોના તમામ પ્રવેશદ્વારો પર આ અંગેના બોર્ડ લગાવવાની સૂચના પણ આપી હતી. ભગવાન મુરુગન મંદિર ડિંડીગુલ જિલ્લામાં પલાની ખાતે આવેલું છે. અરજી સ્વીકારીને, કોર્ટે પ્રતિવાદીઓને મંદિરોના પ્રવેશદ્વાર પર, ધ્વજસ્તંભની નજીક અને મંદિરમાં મુખ્ય સ્થાનો પર બોર્ડ લગાવવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે 'બિન-હિન્દુઓને મંદિરની અંદર કોડીમારામથી આગળ જવાની મંજૂરી નથી.' કોર્ટે કહ્યું હતું કે, 'જો કોઈ બિન-હિન્દુ મંદિરની મુલાકાત લે છે, તો અધિકારીઓએ વ્યક્તિ પાસેથી એફિડેવિટ લેવું પડશે કે તે દેવતામાં વિશ્વાસ ધરાવે છે અને તે હિંદુ ધર્મના રિવાજો અને પ્રથાઓનું પાલન કરશે અને તેના નિયમોનું પાલન કરશે. રિવાજોનું પણ પાલન કરશે.

## ઉનામાં તસ્કરોનો વધી રહેલો ત્રાસ

# ટ્રાન્સપોર્ટની ઓફીસમાંથી રોકડ રકમની ચોરી



ઉના તા.૧

ઊનામાં તસ્કરોનો ત્રાસ વધતો જાય છે. એક મહિના પહેલા પોલીસ સ્ટેશનની સામે આવેલ વકીલ ભવ્યભાઈ દીપક ભાઈ પોપટની ઓફીસના તાળા તોડી રૂા.એક લાખની ચોરીનો ભેદ ઉકેલાયો નથી. ત્યાં પાછું ઊનામાં ગોંદરા ચોકમાં આવેલ એસ.બી.આઈ. બેંક નીચે આવેલ હરિ દીપક નામની ટ્રાન્સપોર્ટની ઓફીસમાં સવારે ૧૧.૩૦ કલાકની આસપાસ ઓફીસ રેઢી મૂકી બાજુના ગોડાઉનમાં ટ્રકમાંથી માલ સમાન ઉતરતા હતા ત્યારે કોઈ અજાણ્યો માણસ ટ્રાન્સપોર્ટની ઓફીસમાં પ્રવેશ કરી ટેબલના ખાનામાં રાખેલ રૂપિયા ૪૦,૨૨૫ રોકડા ઉપાડી ખીસામાં નાખી નાસી ગયો હતો અને ટ્રાન્સપોર્ટના સંચાલક યોગેશભાઈ કમલેશભાઈ ગરથરીયા રે. ઊનાએ ઓફીસમાં આવી જોતા ટેબલના ખાનામાં રોકડા રૂપિયા ગુમ હતા અને તેમણે સીસીટીવીના ફૂટેજ જોતા તેમાં એક માણસ ચોરી કરતો જોવા મળેલ હતો. આ અંગે ઊના પોલીસમાં લેખિત અરજી આપતા પોલીસ તસ્કરને પકડવા તજવીજ શરૂ કરી છે.



રાજયસભાના સ્વપ્નું જોવાનું રહેવા દો, તમને કોઈ નગરપાલિકાની ચુંટણીમાં પણ ટીકીટ આપવા તૈયાર નહીં થાય!



લોકસભા અને વિધાનસભામાં તમારી હાર થઈ તો હવે રાજયસભાની ચુંટણીમાં ઝંપલાવી દો !

# જૂનાગઢ પોલીસ તંત્રમાં ફરજ બજાવતા ૨૦ પોલીસ સબ ઈન્સ્પેકટરોની બદલી

## ગુજરાત રાજયના અધિક પોલીસ મહાનિર્દેશક(વહિવટ) દ્વારા આદેશ જારી કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા બિનહથીયારી ૨૦ પોલીસ સબ ઈન્સ્પેકટરોની ગઈકાલે બદલી કરવામાં આવી છે અને અન્ય શહેરોમાં મુકવામાં આવેલ છે. ત્યારે અન્ય શહેરોમાંથી બદલી પામીને પોલીસ સબ ઈન્સ્પેકટરોની જૂનાગઢમાં નિમણુંક આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આગામી લોકસભાની ચૂંટણીની તૈયારી એક તરફ રાજયકિય પક્ષો દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે બીજી તરફ સરકારના વિવિધ વિભાગોમાં બદલીનો દોર શરૂ થયો છે. બે દિવસ પહેલા જ આઈએસ કક્ષાના ઉચ્ચ અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે અનો આ દરમ્યાન ગઈકાલે ગુજરાત રાજયમાં ફરજ બજાવતા બિન હથીયાર પોલીસ સબ ઈન્સ્પેકટરોની બદલી અંગેના આદેશ જારી કરવામાં આવેલ છે. રાજયના અધિક પોલીસ મહાનિર્દેશક(વહિવટ) નરસિંમ્હા કોમાર દ્વારા પરિપત્ર જારી થયેલ છે અને વિવિધ શહેરોના થઈ કુલ ૫૫૧ પોલીસ સબ ઈન્સ્પેકટરોની બદલી થઈ છે. જેમાં જૂનાગઢ જીલ્લામાં ફરજ બજાવતા ૧૯ પોલીસ સબ ઈન્સ્પેકટરોની બદલી કરવામાં આવી છે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢ વિભાગમાં ફરજ બજાવતા રામાણી પ્રશાંત જયંતિલાલને વડોદરા શહેર ખાતે મુકવામાં આવેલ છે, ચાવડા શકિતરાજ સિંહ ઘનશ્યામભાઈને જૂનાગઢ વિભાગમાંથી સુરત શહેર ખાતે મુકવામાં આવેલ છે, ચુડાસમા હરવિજયસિંહ નટવરસિંહને જૂનાગઢ વિભાગમાંથી અમદાવાદ શહેર ખાતે મુકવામાં આવેલ છે, રાઠોડ ભારતીબેન કાંતિલાલને જૂનાગઢથી ગીર-સોમનાથ મુકવામાં આવ્યા છે, વાળા મનિષાબેન દુદાભાઈને જૂનાગઢથી અમદાવાદ ગ્રામ્યમાં મુકાયા છે, ડામોર રણજીતસિંહ દેવચંદભાઈને જૂનાગઢથી વડોદરા ગ્રામ્યમાં મુકવામાં આવેલ છે, મોરી કિરીટસિંહ મહેન્દ્રસિંહને જૂનાગઢથી અમરેલી મુકવામાં આવેલ છે, ઉંઝીયા વિધી કાંતીલાલનો જૂનાગઢથી આણંદ મુકવામાં આવેલ છે, વાઘમસિંહ ભાનુબેન મથુરભાઈને પીટીસી જૂનાગઢથી જૂનાગઢ મુકવામાં આવેલ છે, ગઢવી જીગ્નેશ જબારદાન(ઈશરાણી)નો જૂનાગઢથી ગાંધીનગર મુકવામાં આવેલ છે, શુકલા નિરાલી અશ્વિનભાઈને જૂનાગઢથી રાજય આઈબી ખાતે મુકવામાં આવેલ છે, બોદર પંકજરાય જેન્તીલાલનો જૂનાગઢથી રાજય આઈબી ખાતે મુકાયેલ છે, જલવાણી કૌશર ગુલાબખાનનો જૂનાગઢથી અમદાવાદ શહેર ખાતે મુકવામાં આવેલ છે, મારૂ કિંજલબેન કરશનભાઈને જૂનાગઢથી દેવભૂમિ દ્વારકા, કછોડ જાકીર હુસેન અબ્દુલકાદરનો જૂનાગઢથી સુરેન્દ્રનગર, ઝાલા પ્રિતીબેન સુનિલસિંહનો જૂનાગઢથી પોરબંદર, ચુડાસમા રાજેન્દ્રસિંહ પરબતસિંહને જૂનાગઢથી પોરબંદર, ક્ષત્રીય સંજીવકુમાર નરેન્દ્રસિંહનો જૂનાગઢથી ગાંધીનગર ખાતે મુકવામાં આવેલ છે, આંબલીયા નર્મદા વેજાણંદભાઈને જૂનાગઢથી અમદાવાદ શહેરમાં મુકવામાં આવેલ છે જ્યારે વાળા જયરાજ મંગલુભાઈને જૂનાગઢથી રાજકોટ શહેરમાં મુકવામાં આવેલ છે. આ ઉપરાંત અન્ય શહેરોમાંથી જૂનાગઢ ખાતે મુકવામાં આવેલા બિનહથીયારી પોલીસ સબ ઈન્સ્પેકટરમાં પરમાર મહાવિરસિંહ જે. રાજકોટ ગ્રામ્યમાંથી પીટીસી જૂનાગઢ ખાતે મુકવામાં આવેલ છે, ડામર સુરેશભાઈ ખુશાલભાઈને અમદાવાદ શહેરમાંથી જૂનાગઢ, ચૌધરી શોભાબેન બાબુભાઈ અમદાવાદ શહેરમાંથી જૂનાગઢ, રોહિત રસીકભાઈ ડાહ્યાભાઈને અમદાવાદ શહેરમાંથી જૂનાગઢ, ડામોર રવિશંકર સરદારસિંહનો વડોદરા શહેરમાંથી જૂનાગઢ, વસાવા જયોતિબેન જીણાભાઈને વડોદરા શહેરમાંથી જૂનાગઢ, પરમાર વિજયભાઈ મોરારજીભાઈને વડોદરા શહેરમાંથી જૂનાગઢ, રાઠોડ મનિષકુમાર વાલજીભાઈને સુરત શહેરમાંથી જૂનાગઢ, ચિત્તે પ્રિતેશ યોગેન્દ્રનો સુરત શહેરમાંથી જૂનાગઢ, કાતરીયા મનિષ નરેશભાઈને સુરત શહેરમાંથી જૂનાગઢ, ખુમાણ અર્ચનાબેન કાનજીભાઈ ગીર-સોમનાથથી પીટીસી જૂનાગઢ, વાળા ઋત્વિક મંગાભાઈ અમદાવાદ શહેરમાંથી જૂનાગઢ મુકવામાં આવેલ છે.

## ટીંબાવાડીનાં ગરબી ચોક, દિપાજંલી-રમાં શનિવારથી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ યોજાશે



જૂનાગઢ તા. ૧

ઓમકારેશ્વર મહાદેવ મંદિર-રૂદ્ર હનુમંત મંદિરનાં લાભાર્થે શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ (કથા)નું આયોજન ગરબી ચોક, દિપાંજલી-૨, ટીંબાવાડી રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવેલ છે. કથાનો પ્રારંભ તા. ૩-૨-૨૪ શનિવારથી શરૂ થઈ તા. ૧૧-૨-૨૪નાં રોજ વિરામ પામશે. કથાનો સમય બપોરે ૨.૩૦ થી ૬.૩૦ સુધી રહેશે. આ કથાનાં યજમાન પદે વાઘેલા શૈલેન્દ્રસિંહ દિલાવરસિંહ રહેશે. જયારે મહદેવગીરી બાપુ (મુળ માધવપુર-ઘેડવાળા) કથાનું રસપાન કરાવશે. આ કથા દરમ્યાન તા. ૩ ફેબ્રુ.નાં રોજ બપોરે ૨ કલાકે બિલનાથ મંદિરથી કથા સ્થળ સુધી પોથીયાત્રા તેમજ શિવ મહાપુરાણ મહાત્મય, તા. ૪ ફેબ્રુ.નાં રોજ લીંગ પ્રાગટય તથા શિવરાત્રી મહોત્સવ, તા. ૫ ફેબ્રુ.નાં રોજ સતી પ્રાગટય કથા, તા. ૬ ફેબ્રુ.નાં રોજ દક્ષ યજ્ઞ ઉધ્ધાર, તા. ૭ ફેબ્રુ.નાં રોજ માં પાર્વતી જન્મ, તા. ૮ ફેબ્રુ.નાં રોજ શિવ વિવાહ, તા. ૯ ફેબ્રુ.ના રોજ ગણેશ કાર્તિકીય જન્મકથા, તા. ૧૦ ફેબ્રુ.નાં રોજ જયોતિ લીંગો કથા તેમજ તા. ૧૧ ફેબ્રુ.ના રોજ ભગવાન શિવની લીલા, ભકતોની પરીક્ષા, કથા વિરામ, પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આ કથાનો ધાર્મિકપ્રેમી જનતાએ લાભ લેવા આયોજકો તરફથી યાદીમાં જણાવેલ છે.

## જૂનાગઢ પ્રસુતાના મોતનો મામલો : સેલાઈન બોટલમાં ટોક્સિનના રિપોર્ટ છતાં આરોગ્ય વિભાગે કેમ કાર્યવાહી ન કરી ? સળગતો સવાલ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢની ખાનગી ટ્રસ્ટ સંચાલિત હેલ્થ પ્લસ હોસ્પિટલમાં પ્રસુતિ માટે દાખલ થયેલી મહિલાઓનું સિઝેરિયન કર્યા બાદ ગણતરીના કલાકોમાં કિડની ફેલ થઈ જવાની સાથે સાથે શરીરના અન્ય મહત્વના અંગોમાં ઈન્ફેકશન થતાં ૨ પ્રસૂતાના મૃત્યું થયાની વાત જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીએ પોતે સ્વીકારી છે. આ ઘટનામાં હોસ્પિટલ દ્વારા રજૂ કરવામાં આવેલ દવા ઉત્પાદક કંપનીની સેલાઈન બોટલમાં ટોક્સિન હોવાનું બહાર આવ્યું હોવા છતાં આરોગ્ય વિભાગ આજ સુધી આ કંપનીને કેમ છાવરી રહ્યો છે ? તે સવાલ ઉઠ્યો છે. બીજીબાજુ આ ઘટનાને બહાર લાવ્યા બાદ આજે પોલીસ વિભાગ દ્વારા મહિલા દર્દીઓના પરિવારજનોનું નિવેદન લેવાયું હતું. તેમાં આજે એ વાતનો ઉમેરો કરવામાં આવ્યો છે કે, આ દર્દીઓની હાલની સ્થિતિ કેવી છે, ક્યાં સારવાર ચાલે છે, વગેરે. પરંતુ સૌથી મોટો સવાલ આજે પણ




એજ છે કે દવા ઉત્પાદક કંપનીના બાટલામાં ટોક્સિન હોવાનું જ્યારે પુરવાર થઈ ચૂક્યું છે ત્યારે પણ તેની સામે કેમ કાર્યવાહી થતી નથી. આ પ્રકરણમાં સૌથી વધુ જવાબદાર હોવા છતાં બેજવાબદાર રહેલા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સોમવારે એવું કહેતા હતા કે અમને કોઈ ફરિયાદ મળી નથી. પણ બુધવારે તેમણે જ આ ઘટના અંગે ખુલાસો કર્યો હતો કે, હા આવી ઘટના બની છે અને તેમાં ૨ મહિલાના મૃત્યું થયા છે. જ્યારે હોસ્પિટલના સંચાલકો તો એક જ મૃત્યું થયું હોવાનું કહે છે. તેની તપાસ પણ થવી જોઈએ.

## જૂનાગઢ મહાનગરપાલિકામાં ૧૦ વર્ષથી વિજીલન્સ શાખા અધિકારી જ નથી ! લોકોને ફરીયાદ કરવી તો કોને ?

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ મહાનગર પાલિકામાં મોટા પાયે ભ્રષ્ટાચાર થતો હોવાની અનેક ફરિયાદો અને ચર્ચાઓ ઉઠવા પામેલી છે. વિકાસ કામો કરવા માટે રાજય સરકાર દ્વારા મબલક નાણાંઓ આપવામાં આવે છે પરંતુ યોગ્ય આયોજનના અભાવે નાણાંનો વેડફાટ થાય છે એવી થોકબંધ ફરિયાદો રહેલી છે. આ ઉપરાંત કર્મચારીઓની કામ કરવાની પ્રણાલીકા ઉપર પણ ધ્યાન કેન્દ્રીત કરી અવારનવાર ચેકિંગ સહિતની કામગીરી માટે વિજીલન્સ શાખાના અધિકારી કાર્યરત હોય તે જરૂરી છે પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે છેલ્લા ૧૦ વર્ષ કરતા વધુ સમયથી જૂનાગઢ મહાનગરપાલિકામાં વિજીલન્સ શાખા કે તેના અધિકારી જ નથી. ખાસ કરીને કર્મચારીઓની ફરિયાદ હોય કે ગેરરિતી હોય, આર્થિક વહિવટ કર્યો હોય તો તેના નિવારણ માટે આ શાખા મહત્વની હોય છે. પરંતુ જૂનાગઢ મનપામાં નથી વિજીલન્સ શાખા કે નથી તેના અધિકારી. ત્યારે હવે ફરિયાદ કરવી ક્યાં તે અરજદારો માટે મોટો પ્રશ્ન છે. ખાસ કરીને વિજીલન્સ અધિકારી મનપાના કર્મચારીઓ- અધિઆરીઓની ફરિયાદ હોય તો તેની સામે તપાસ કરી જરૂરી કાર્યવાહી કરતા હોય છે. આવક કરતા કોઈ અધિકારી, કર્મચારી પાસે વધુ સંપત્તિની હોય અને કોઈ ફરિયાદ કરે તો તેની તપાસ કરતા હોય છે. તમામ શાખાઓનાં કર્મચારીઓની હાજરીનું ચેકીંગ પણ કરવાનું હોય છે.

ખાસ ગુટલીબાજ કર્મચારીઓ ઉપર પણ નજર રાખવાની કામગીરી વિજીલસ શાખા દ્વારા કરવામાં આવે છે, પરંતુ જૂનાગઢ મહાનગરપાલિકા પાસે આ શાખા માટે કર્મચારી અને અધિકારી તો દૂર શાખા જ કાર્યરત નથી. ત્યારે જનતાની ફરિયાદોનો જવાબ મળવાની કે અધિકારી, કર્મચારી સામે કાર્યવાહી થવાની અપેક્ષા રાખવી વધુ પડતી ગણાશે. જોકે, આ મામલે જૂનાગઢ મનપા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, વિજીલન્સ શાખા આગામી દિવસોમાં શરૂ થાય તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા દ્વારા જણાવ્યું હતું કે, વિજીલન્સ શાખામાં કુલ ૩ વ્યક્તિનો સ્ટાફ હોય છે, જેમાં એક કર્મચારી અને અન્ય બે સહાયક કર્મીનો સમાવેશ થતો હોય છે. પાલિકામાં ગેરરીતિને ડામવા આ શાખા અત્યંત જરૂરી છે. આ બાબતની ગંભીરતાથી તેઓ અવગત છે અને વિજીલન્સ શાખા શરૂ થાય તે માટેના તેમના પ્રયાસો રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૦ કરતા વધુ વર્ષ પહેલા નિવૃત્ત ડિવાયએસપી એચ.પી. જોષીને ફિક્સ પગારમાં મનપામાં વિજીલન્સ અધિકારી તરીકે નિમાયા હતા. તેની સાથે એક કર્મી પણ હતો. જોકે, બાદમાં સરકારના નિયમ મુજબ તેઓ તેમાંથી પણ રિટાયર્ડ થયા. બસ પછીથી કોઈ વિજીલન્સ અધિકારીની નિમણુંક થઈ નથી અને આખી શાખા જ બંધ થઈ ગઈ. હાલમાં કોઈ ફરિયાદ હોય તો કમિશ્નર નક્કી કરે છે કે તપાસ ક્યા શાખા અધિકારીને સોંપવી.

## કેશોદમાં જીઆરડી કર્મચારીને માર મારી ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

કેશોદ તા.૧

કેશોદ તાલુકાના પ્રાચલી ગામના ભરતકુમાર જેન્તીલાલ ભટ્ટ(ઉ.વ.૫૨) જીઆરડી સભ્યએ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ગુંજનબેન ગુણાભાઈ ઘોડાસરા તેમજ સોહિલ ઉર્ફે સુર્યો બાબુભાઈ સીડા રહે. બંને કેશોદ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તેની નાઈટ ડયુટીમાં ફરજ ઉપર હોઈ દરમ્યાન આ કામના આરોપીઓ ગલીમાંથી ચાલીને નીકળતા ફરિયાદીએ રાત્રે ગલીમાં શું કરવા ગયેલ હતા તેમ પુછતાં આરોપીઓ એકદમ ઉશ્કેરાય જઈ ફરિયાદીને કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી આરોપી નં-૧એ ફરિયાદીને થપ્પડો તથા ઢીકા મારી નખથી વીસકા ભરી તથા આરોપી નં-૨એ જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ કલમ ૩૩૨, ૧૮૬, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૪૪ મુજબ ગુનો દાખલ કરેલ છે. કેશોદ પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

## કેશોદમાં પોલીસ સબ ઈન્સ્પેકટરની ફરજમાં રૂકાવટ કરી માર મારી ધમકી આપવા અંગે બે સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

કેશોદ તા.૧

કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરની ફરજમાં રૂકાવટ કરી માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે કેશોદ પોલીસે આપેલી વિગત અનુસાર, ગઈકાલે તા.૩૧-૧-૨૦૨૪ કલાક ૧૯:૧૫ વાગે કેશોદ પોલીસ સ્ટેશન ખાતે બનેલા બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. કેશોદ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા જાકીરહુસેન અબ્દુલકાદર કછોટએ આ કામના આરોપી મોહન ઉર્ફે મોહિત દયાતર, કનસિંહ ઉર્ફે ટકો રહે.બંને શેરગઢ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી રાજય સેવક પોલીસ સબ ઈન્સ્પેકટર હોય અને તેઓની પાસે કેશોદ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૦૨૩૦૮૮૯/૨૩ ઈ.પી.કો.ક. ૩૫૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબના ગુનાની તપાસ હોય તેમાં આ કામના બંને આરોપીઓ જ આરોપી હોય જેથી ગુનાના કામે પો.સ્ટે. ખાતે ફરિયાદીની ઓફિસમાં આવી કહેવા લાગેલ કે તમારી જે કાર્યવાહી થતી હોય તે તાત્કાલીક પુર્ણ કરો અમારે બહાર ગામ જવાનું છે તેવું કહેતા આ કામના ફરિયાદીએ કહેલ કે અમો ગુનાની તપાસના કામે અવાર-નવાર તમારા ઘરે તપાસ અર્થે આવેલ હતા અને તેમોને હાજર રહેવા નોટિસ પણ આપેલ હતી તેમ છતાં તમો હાલ અત્યારે આવેલ છો તેવી વાત કરતા આ બંને આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ઉગ્ર બની ફરિયાદી સાથે ઝઘડો કરી ઝપાઝપી કરી ફરિયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી આરોપી નં-૨એ ફરિયાદીને પાછળથી પકડી રાખી આરોપી નં-૧એ ફરિયાદીની જમણી આંખ ઉપર જાપટ મારી ઈજા કરી બંને આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આ કામના આરોપી વિરૂધ્ધ કલમ ૧૮૬, ૩૩૨, ૫૦૬(૨), ૧૪૪ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવ અંગે વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

## જૂનાગઢ : દુકાનના દસ્તાવેજ પહેલા ચેક મારફતે રૂા.૧૫ લાખ મેળવી વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ શહેરમાં મધુરમ-વંથલી રોડ, એકતા-એ કોમ્પ્લેક્ષ ખાતે ગત તા.૫-૭-૨૦૨૩ કલાક ૧૧થી તા.૨૮-૧૨-૨૦૨૩ કલાક ૧૮ દરમ્યાન બનેલા એક બનાવમાં દુકાનના દસ્તાવેજ પહેલા જ રૂા.૧૫ લાખની છેતરપિંડી થયાનો બનાવ બહાર આવેલ છે. આ બનાવ અંગે સી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, રાજકોટના કાલાવાડ રોડ, નિર્માણ રેસીડેન્સી, અમૃતનગર, શેરી નં-૫, જયોતીનગર ચોક, ફલેટ નં-૪૦૧ ખાતે રહેતા જીજ્ઞાશાબેન દિપકભાઈ ધ્રાંગાએ કરશનભાઈ ધરણાતભાઈ કંડોરીયા રહે.જીવરાજ પાર્ક, ધ કોટીયાર્ડ એપાર્ટમેન્ટ, બ્લોક નં-૧૨૦૧, રાજકોટ, મુળ ગામ કેવદ્રા તા.કેશોદ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીની જૂનાગઢ શહેરમાં મહાનગર પાલીકા હદમાં આવેલ ગામ ટીંબાવાડીના રેવન્યુ સર્વે નં-૮૨ પૈકી એકર ૩-૩૫ ગુઠા રહેણાંકના હેતુ માટે બીન ખેતીમાં મંજુર થયેલ જમીનના લેઆઉટ પ્લાનમાં જણાવેલ પ્લોટો પૈકી પ્લોટ નં-૨/-એ બી જમીન ચો.મી.૨૬૦-૬૬૫ મળી કુલ જમીન ચો.મી. ૫૨૧-૩૩ ઉપર બંધાયેલ એકતા કોમ્પ્લેક્ષ નામના બહુમાળી મકાનમાં ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ દુકાન નં-૯ બિલ્ડઅપ ૯-૭૪ આશરે ક્ષેત્રફળ ધરાવતી દુકાન આવેલ હોય જે ફરિયાદીએ રૂા. ૧૫,૦૦,૦૦૦માં તેમની પાસેથી વેંચાતી લીધેલ હોય અને જે દુકાન ઉપર લોન ચાલું હોય જેથી તે લોનના રૂપીયા ભરવા સારૂ આરોપીએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ ફરિયાદી પાસેથી દુકાનના દસ્તાવેજ પહેલા જ ચેક મારફતે રૂા.૧૫,૦૦,૦૦૦ મેળવી લઈ અને ત્યારબાદ આજદિન સુધી ફરિયાદીને દુકાનનો દસ્તાવેજ નહી કરી આપી છેતરપિંડી કરી વિશ્વાસઘાત કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૪૦૬, ૪૨૦ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ સી ડીવીઝન પોલીસ ચલાવી રહી છે.

## પાંચ ગુનામાં ફરાર ગોંડલના યુવકની જૂનાગઢમાંથી અટક કરતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

ગોંડલમાં જેતપુર રોડ ઉપર આવેલ રાજનગરમાં રહેતો શ્યામ ઉર્ફે ભાણો ઘુસાભાઈ ઉર્ફે ઘનશ્યામભાઈ મેતા(ઉ.વ.૨૩) સામે વર્ષ ૨૦૨૨માં જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો પરંતુ ત્યારથી આ શખ્સ નાસતો ફરતો હતો. દરમ્યાન શ્યામ ઉર્ફે ભાણો જૂનાગઢ શહેરમાં વંથલી રોડ પર આવેલ અક્ષર મંદિર પાસે હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે. જે. પટેલ, પીએસઆઈ જે. જે. ગઢવી, એએસઆઈ પુંજાભાઈ ભરાઈ વગેરે દોડી જઈને આ શખ્સને ઝડપી લઈ તાલુકા પોલીસને સોંપી દીધો હતો. આ યુવક વિરૂદ્ધ આર્મ્સ એક્ટ મુજબના ગુના ઉપરાંત પ્રોહિબિશનનાં ૪ ગુના નોંધાયા હતાં. જેમાં તેને રાજકોટ ગ્રામ્ય, મોરબી તથા પોરબંદર પોલીસ શોધતી હતી.

## સોરઠમાં ઠંડીમાં ઘટાડો

જૂનાગઢ તા. ૧

ગઈકાલે શિયાળાની ઋતુની વધુને વધુ ઠંડી અને પવન સમગ્ર જૂનાગઢ પંથક સહીત ગુજરાતભરમાં ફેલાયો હતો. ગઈકાલની ઠંડીથી લોકોમાં બોકાશો બોલી ગયો હતો. પરંતુ આજે સવારથી ઠંડીમાં ઘણી રાહત થઈ છે.

જૂનાગઢ સહીત સમગ્ર સોરઠમાં તાપમાનમાં પારમાં વધઘટ થવાથી ઠંડીમાં વધારો અને ઘટાડો થયા કરે છે.




ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

CMYK